Friday 02, May 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૩૦૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## રખોલી-ખડોલીનો માર્ગ અધૂરો : લોકો ત્રાહિમામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **સેલવાસ, તા. ૦૧ :** રખોલીથી ખડોલી ગામ સુધીના મુખ્ય માર્ગ પર રોડનું કામ લાંબા સમયથી અધૂરું પડી રહેતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હજી સુધી પક્કો રસ્તો બનાવાયો નથી અને હાલના સમયે માત્ર માટી નાખીને રસ્તો તૈયાર કરવામાં આવ્યો છે.

આ કારણે રસ્તા પરથી સતત ધૂળના ગોઠાં ઉડે છે, જેનાથી વાહન ચલાવતાં લોકોને તકલીફ પડે છે અને સ્થાનિક લોકો પણ ધૂળના કારણે પરેશાન છે. વાતાવરણમાં ધૂળના કારણે વધી જતાં શ્વાસ સંબંધિત તકલીફો ઊભી થવાની શક્યતા છે. સ્થાનિકોએ તાકીદે કાર્યવાહી કરીને દરરોજ સવારે અને સાંજે કાચા રસ્તા પર પાણીનો છંટકાવ કરવાની માગ ઉઠાવી છે. જેથી લોકોને થોડી રાહત મળી શકે. સામાજિક સંસ્થાઓ અને જગૃત નાગરિકોએ પણ આ મુદ્દે કલેક્ટરને લેખિત અને મૌખિક રીતે રજૂઆત કરી છે. છતાં, રસ્તાનું કામ પૂર્ણ કરવામાં રસ જોવા મળતો નથી. હવે લોકોએ માંગ કરી છે કે તંત્રએ ગંભીરતાથી પગલાં ભરી રસ્તાનું બાકી કામ તરત પૂર્ણ કરાવે.

## વલસાડ એપીએમસી ભાડા પ્રકરણે ૧૫મીએ બંને પક્ષોને તેડું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ, તા. ૦૧ :** વલસાડ શહેરના મધ્ય ભાગમાં આવેલ એપીએમસી માર્કેટ યાર્ડના સંચાલકો તથા વેપારીઓ વચ્ચે લાંબા સમયથી ભાડા વધારા સહિતના વિવાદોએ વલસાડ પંથકમાં ભારે ઉત્તેજના જગાવી હતી. હવે આ પ્રકરણમા વેપારીઓ નાયબ સચિવ અપીલ કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ સમક્ષ એપીએમસી વિરુદ્ધ ફરિયાદ કરતાં નાયબ સચિવ અપીલે તા.૧૫મી મેના રોજ બન્ને પક્ષોને હાજર થવાનું ફરમાન કરતા લાંબા સમયથી ગુચવાયેલા ભાડા પ્રકરણનુ અંત આવવના એન્ધાણ વર્તાઈ રહ્યા છે.

વલસાડ એપીએમસી માર્કેટ ના અંદર ના ભાગે આવેલી દુકાનો ભાડા બાબતે લાંબા સમયથી વિવાદ ચાલી રહેલ છે જેમાં એપીએમસી દ્વારા જુનુ ભાડુ વસુલવાનુ બંધ કરી દેતા કટોકટી જેવો માહોલ સર્જાવવા પામ્યો છે. આ બાબતે એપીએમસી માર્કેટ ના વેપારીઓએ વલસાડ સંસદસભ્ય ધવલભાઈ પટેલ સહીત જીલ્લા કલેકટર, પ્રાન્ત અધીકારી, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ તથા ચેરમેન એપીએમસી માર્કેટને લેખિત રજુઆતો કરી હતી. પરિણામ નહી આવતા વેપારી એસોસિએશનના મહામંત્રી નરેશભાઈ બલસારીએ નાયબ સચિવ અપીલ કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ની સમક્ષ અપીલ દાખલ કરવાની ફરજ પડી છે.

પહેલગામ આતંકી હુમલાના વિરોધમાં

## આહવાના માર્ગો પર પાકિસ્તાનના ઝંડા ચિતરાયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **સાપુતારા, તા.૦૧ :** જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં થયેલા આતંકી હુમલાએ સમગ્ર દેશને આઘાત પહોંચાડ્યો છે.આ હુમલાની તીવ્ર પ્રતિક્રિયા સમગ્ર ભારતમાં જોવા મળી રહી છે,ત્યારે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવામાં પણ તેનો પડઘો સ્પષ્ટ રીતે અનુભવાયો હતો.આહવાના રસ્તાઓ પર અચાનક પાકિસ્તાનના ઝંડાનાં ચિત્રો અને પાકિસ્તાન વિરોધી સૂત્રો જોવા મળ્યા હતાં. સ્થાનિક લોકોએ સ્વયંભૂ રીતે રસ્તાઓ પર ઉતરી આવીને પોતાના આક્રોશને વાચા આપી હતી.તેમણે રસ્તાઓ પર પાકિસ્તાનના ઝંડા દોર્યા હતા અને તેના પર પાકિસ્તાન મુર્દાબાદ જેવા નારા લખીને પોતાની તીવ્ર નારાજગી વ્યક્ત કરી હતી. પહેલગામમાં નિર્દોષ લોકો પર થયેલા આતંકી હુમલાથી સ્થાનિકો અત્યંત દુ:ખી અને ગુસ્સે છે.પાકિસ્તાન દ્વારા સતત આવી આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. જેના કારણે દેશની શાંતિ અને સલામતી જોખમાય છે.આહવાનાં રસ્તાઓ પર આ રીતે સૂત્રો લખીને સ્થાનિકોએ આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનની આ કાયરતાપૂર્ણ કૃત્યની સખત નિંદા કરી આતંકવાદીઓને કડક સજા થાય તેવી માંગ કરી હતી.સ્થાનિક લોકોના આ સ્વયંભૂ વિરોધ પ્રદર્શને પહેલગામના હુમલા પ્રત્યે ડાંગ જિલ્લાના લોકોની સંવેદનશીલતા અને રાષ્ટ્ર પ્રત્યેના પ્રેમને સ્પષ્ટપણે દર્શાવ્યો હતો.આ ઘટનાએ એકવાર ફરી સાબિત કર્યું છે કે દેશના કોઈપણ ખૂણે થતી આવી ઘટનાઓ સમગ્ર દેશવાસીઓને એક તાંતણે બાંધી રાખે છે અને અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે પ્રેરિત કરે છે. હાલમાં આ વિસ્તારમાં શાંતિ જળવાઈ રહી છે, પરંતુ લોકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## નામધા આમલ ફળિયાના માર્ગ ઉપર ઝાડની ડાળીઓ હટાવવા રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા. ૦૧ :** નામધા અમલ ફળિયાના રસ્તાને લાગુ આવેલ ઝાડની ડાળીઓ તેમજ કાંટાવાળા જળની ડાળી ખૂબ જ વધી જતાં આ રસ્તા ઉપરથી જતાં આવતા રાહદારી તેમજ વાહન ચાલકોને મુશ્કેલી ઊભી થઈ રહી છે જે અંગે મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર દ્વારા આ સમસ્યા દૂર કરે તેવી માંગ કરાય છે.

પ્રાપ્ત વિગત મુજબ આજે વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવતા વાપી નામધા મુખ્ય માર્ગથી આમલ ફળિયાના જગમલભાઈ પટેલના ઘરેથી બચુભાઈ રામચંદ્ર પટેલના ઘર સુધીના આંતરિક માર્ગ ઉપર છેલ્લા ઘણા સમયથી રસ્તાની બંને બાજુએ વૃક્ષોની ડાળખીઓ ખૂબ જ મોટી અને કાંટાવાળી નમી પડી છે જેને લઇ આ માર્ગ ઉપરથી પસાર થતાં રાહદારીઓ તેમજ વાહન ચાલકો તથા હાલમાં જ લગ્ન સિઝન હોય આ ફળિયામાં રહેતા પરિવારના ઘરે લગ્ન પ્રસંગ દરમિયાન મહેમાનોને આવવા જવામાં ભારે મુશ્કેલી પડી રહી છે જેને ધ્યાને લઈ નામધા આમલ ફળિયામાં રહેતા વિજયભાઈ નટુભાઈ પટેલ દ્વારા વાપી મહાનગરપાલિકાના કમિશનર યોગેશભાઈ ચૌધરી તેમજ ડેપ્યુટી કમિશનર આસ્થાબેન સોલંકીને પત્ર લખી ઉપરોક્ત સમસ્યાનો હલ તાત્કાલિક લાવવા માટે મહાનગરપાલિકાના કર્મચારીઓને આ રસ્તાની બંને બાજુએ આવેલા ઝાડોની ડાળખીઓ કપાવી રસ્તો સાફ કરવાની માંગ કરી છે.

## આલીપોરની ખાડી પાસે ગૌવંશના અવશેશષો મળતા દોડધામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ચીખલી, તા. ૦૧:** ચીખલી તાલુકાના આલીપોર ગામની હદમાંથી પસાર થતી પનિયારી ખાડી પાસે પશુના અવશેષો મળી આવતાં પોલીસે ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ વેટરનરી ડોક્ટરને બોલાવી તપાસ કરતા ગાયના અવશેષો હોવાનું બહાર આવ્યું છે. જેમાં ગાયનું મોઢું અને ચામડું તથા બીજા કેટલાક અવશેષો રહ્યા છે. પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## ધરમપુર પાલિકાની સામાન્ય સભા યોજાઇ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ધરમપુર, તા.૦૧ :** ધરમપુર નગર પાલિકાની યોજાયેલી સામાન્ય સભામાં વન માળી પાર્કના બિસ્માર રસ્તા સહિતના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.



ધરમપુર નગર પાલિકા સંચાલિત લાઈબ્રેરી હોલમાં બપોરે ૩.૩૦ કલાકે પાલિકા પ્રમુખ મયંકકુમાર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી સામાન્ય સભામાં પ્રથમ પહેલગામમાં આતંકી હુમલામાં મૃતકોને મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જે બાદ એજન્ડા મુજબ ગતસભાની કાર્યવાહીને વંચાણે લઇ, ખાસ સામાન્ય સભાની કાર્યવાહી નોંધ, પેટા સમિતિઓની મળેલ મિટિંગની કાર્યવાહી નોંધને વંચાણમાં લઇ, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૫-૨૬ના કામોનું આયોજન,નગર સેવા સદન નવું મકાન બનાવવા, મનોરંજન કર ગ્રાન્ટ યોજના વર્ષ ૨૦૧૮-૧૯અને ૨૦૧૯-૨૦ના કામોનું આયોજન કરવા,ફિક્સ પે (પાંચ વર્ષ )ના કર્મચારીઓને કાયમી કર્મચારી તરીકે નિમણુંક આપવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી,અપક્ષ સભ્ય જગદીશ આહીરે વનમાળી પાર્કમાં ચોમાસામાં પાણીનો ભરાવો તથા બિસ્માર રસ્તાના લઈને રહીશો મુશ્કેલીમાં મુકાતા હોય છે,પાલિકાના ફાયર વિભાગમાં ત્રણમાંથી એક જ ગાડી ચાલુ હોય, આગ જેવી દુર્ઘટના ના સમયે મોટી નુકશાની થવાની સંભાવના હોય જેથી અન્ય ફાયર વાહન ખરીદવા માટે રજુઆત કરી હતી. ઉપરાંત આહીર ફળીયામાં ભગુભાઈ સોમાભાઈના ઘરના સામે બનાવવામાં આવેલ પાણીની ટાંકી વહેલી તકે શરૂ કરવા માટે રજુઆત કરી હતી, પાલિકા પ્રમુખ મયંક મોદીએ મુખ્યમંત્રી શહેરી વિકાસના કામોના આયોજન બાબતે ચોમાસાને ધ્યાને લઇ જરૂરિયાત મુજબના કામોને પ્રથમ પ્રાયોરીટી આપી, પ્રિ-મોન્સૂનની કામગીરી હાથ ધરાશેનું જણાવ્યું હતું.

ઉદવાડાની ભગીની સમાજ સ્કૂલની બાળ વૈજ્ઞાનિકોએ ખેતરો, રસ્તાઓ, શાળાઓ અને ઓફિસો સુધી પહોંચતા પ્લાસ્ટીકને અટકાવવા માટે કરી પહેલ

## ખેતરમાં પ્લાસ્ટીકનું પ્રદૂષણ અટકાવવા બે બાળ વૈજ્ઞાનિકે બનાવ્યો "બેગલેસ રોપા વીથ હાઈડ્રોજેલ" પ્રોજેક્ટ



**પ્રાકૃતિક ખેતીની આ પધ્ધતિથી વૃક્ષ અને છોડને આપવામાં આવતા પાણીની માત્રામાં બચત થઈ શકે છે, જ્યાં પાણીની અછત હોય ત્યાં આ પ્રોજેક્ટ ઉપયોગી થઈ શકે છે**

**વલસાડ, તા. ૦૧ :** ગ્લોબલ વૉર્મિંગના કારણે આજે હર કોઈ હેરાન છે. જેમાં સૌથી મોટુ દૂષણ પ્લાસ્ટીક છે. જેના કારણે મનુષ્ય, પશુ, પક્ષી અને પ્રાણીઓનું જીવન દુષ્કર બન્યુ છે. વધતા જતા આ પ્લાસ્ટીકનો ઉપયોગ અટકાવવા માટે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડાની ભગીની સમાજની ધો. ૮ની બે બાળ વૈજ્ઞાનિકોએ "બેગલેસ રોપા વીથ હાઈડ્રોજેલ" પ્રોજેક્ટ બનાવ્યો છે. જે ખેડૂતોને ખેતરમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડવા માટે મદદરૂપ બનશે એવુ જણાય રહ્યું છે.

પારડી તાલુકાના ઉદવાડાની ભગીની સમાજ સ્કૂલમાં ધો. ૮માં અભ્યાસ કરતી બાળ વૈજ્ઞાનિક ઝીલ નિરવભાઈ પટેલ અને વારીસા ઈસરાર પઠાણે શિક્ષિકા રિપલ સતિષ પટેલના માર્ગદર્શન હેઠળ આ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. જે અંગે વધુ માહિતી આપતા તેઓ જણાવે છે કે, આ કૃતિ તૈયાર કરવાનો અમારો હેતુ ખેતરો, રસ્તાઓ, શાળાઓ અને ઓફિસો સુધી પહોંચતા પ્લાસ્ટીકને અટકાવવાનો છે. સાથે જ વૃક્ષ અને છોડને આપવા પડતા પાણીની માત્રામાં બચત કરવી, રોપા તૈયાર કરવા માટે વપરાતુ ગાયનું છાણ અને ગાયના સંવર્ધનને પ્રોત્સાહન આપવામાં આવે તેવો અમારો હેતુ છે.

આ પ્રોજેક્ટના કેવી રીતે બનાવ્યો તે અંગે વધુ વિગત જણાવતા બાળ વૈજ્ઞાનિકો કહે છે કે, સૌ પ્રથમ સૂકા છાણનો પાઉડર કરી તેમાં લીલુ છાણ અને યોગ્ય - માણમાં ચીકણી માટી ભેળવીને કુંડા બનાવ્યા હતા. આ કુંડામાં બીજ કે છોડને રોપતી વખતે હાઈડ્રોજેલનો ઉમેરો કર્યો છે. જે બનાવવા માટે બાવળના ગુંદરનો પાઉડર, ગોળ અને પાણી ગરમ કરી તેમાં ગુવારનો લોટ અને કડાયાનો ગુંદર નાંખવામાં આવે છે. આ રીતે પાણીને શોષીને હાઈડ્રોજેલ બનાવવામાં આવે છે. હાઈડ્રોજેલથી ખેતીનો ઉછેર એવા વિસ્તારમાં સફળ થાય છે કે જ્યાં ખેતી માટે પાણીની અછત હોય. હાઈડ્રોજેલથી પાકની વૃધ્ધિ પણ સારી થાય છે. આ સિવાય પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામોમાં જીવામૃત અને ઘનજીવામૃત પણ ઉપયોગી થઈ શકે છે.

હાઈડ્રોજેલ બનાવવા માટે જરૂરી સામગ્રી ઉપર પ્રકાશ પાડતા શિક્ષિકા રિપલ પટેલ જણાવે છે કે, હાઈડ્રોજેલ બનાવવા માટે ઉપયોગમાં લેવાતો કડાયાનો ગુંદર રૂ. ૭૦૦ કિગ્રા ભાવે મળે છે. જે માટે ખેડૂતે એકવાર ખર્ચ કરવો પડે છે પછી ચારથી પાંચ વર્ષ સુધી તે ખેતરમાં રહી કામ કરી શકે છે. આ સિવાય બાવળનો ગુંદર રૂ. ૧૪૦ કિગ્રા, ગોળ રૂા.૮૦ કિગ્રા અને ગુવાર રૂ. ૮૦ કિગ્રા ભાવે મળે છે. આમ, કુલ રૂા.૧૦૦૦માં તમામ સામગ્રી ઉપલબ્ધ થઈ શકે છે. રૂ. એક હજારમાં ખરીદેલી આટલી સામગ્રી એક વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ખેતી કરવા માટે ઉપયોગી થઈ શકે છે.

## કપરાડામાં 'આપ'નું એક દિવસીય ઉપવાસ આંદોલન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **નાનાપોંઢા, તા.૦૧ :** ગુજરાત સ્થાપના દિવસ નિમિતે આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર રાજ્યમાં વિવિધ મુદ્દાઓને લઈને પ્રતિક રૂપે એક દિવસીય ઉપવાસ આંદોલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અનુસંધાને કપરાડા તાલુકાના વારોલી તલાટ ગામે પણ આંદોલન યોજવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને પાર્ટી આગેવાનો ઉપસ્થિત રહ્યા.

તાલુકા પ્રમુખ રાજેશ રાઉતના નિવાસસ્થાને યોજાયેલા આ ઉપવાસ આંદોલનમાં ખાસ ઉપસ્થિતિ તરીકે કપરાડા વિધાનસભાના પ્રભારી વિનોદ પટેલ, તાલુકા ઉપપ્રમુખ દિવ્યેશ પટેલ, ડો. સેલના પ્રમુખ અક્ષય પાહુ, અરણાઈ તાલુકા પંચાયત સંગઠન મંત્રી છગનભાઈ તથા સંગઠન મંત્રી અંકિતભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

આ આંદોલન દ્વારા પાર્ટી દ્વારા સ્થાનિક સ્તરે જનહિતના પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતાં. જેમાં શિક્ષણ, આરોગ્ય, પાણી, રસ્તા જેવી મૂળભૂત સુવિધાઓનો ઉલ્લેખ થયો હતો. કાર્યકરોએ શાંતિપૂર્ણ રીતે ઉપવાસ રાખીને સરકાર સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો અને તંત્રનું ધ્યાન આવશ્યક કામોની દિશામાં દોરવાનો પ્રયાસ કર્યો.


## ધનોરીના શિક્ષકનું વિજ્ઞાન ગુર્જરી ઈનોવેશન ફેસ્ટમાં સન્માન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ, તા. ૦૧ :** નવયુગ સાયન્સ કોલેજ, સુરત મુકામે વિજ્ઞાન ગુર્જરી ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૪- ૨૫ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર્સ સન્માન સમારોહ યોજાય ગયો. જેમાં સુરત, નવસારી, તાપી, વલસાડ જિલ્લામાંથી ગ્રાન્ટેડ શાળાનાં આચાર્ય તથા શિક્ષકમિત્રો એ પોતાના ઈનોવેશન રજૂ કર્યા હતા જેમાં સાર્વજનિક માધ્યમિક શાળા, ધનોરી તા. જિ. વલસાડનાં મ. શિક્ષક ગિરીશકુમાર ફતેસિંહ ચૌધરીએ રજૂ કરેલ ભારતના મિસાઈલ મેન ડૉ એ. પી.જે.અબ્દુલ કલામની આત્મકથા WINGS OF FIRE ( અગન પંખ) ઈનોવેશન પસંદ થતાં આજ રોજ પ્રિન્સીપાલ મનસુખ નારિયા (જોઈન્ટ સચિવ વિજ્ઞાન ગુર્જરી ગુજરાત રાજ્ય)ના વરદ હસ્તે ગોલ્ડ મેડલ તથા પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવ્યું હતું. શાળાનાં નવનિયુક્ત આચાર્યા દિપીકાબેન પટેલ, શાળાનાં પ્રમુખ રાજુભાઈ પટેલ તથા શાળા પરિવારે શાળાને ગૌરવ આપવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

FULLY FURNISHED A.C.OFFICE FOR SALE.
Fully furnished A.C.Office (FIRST FLOOR) with 12mm thick glass cabin, Table.with revolving chairs,, staff cabin for 4 person with computer points and wall mounted filing cabinets, pantry ,Toilet. Ready for use GIDC. CHAR RASTA, near CNG PUMP.
Contact:-9737767000

મોકાની દુકાન વેચવાની છે
ટેલિફોન એક્સચેંજની બાજુમાં, આશાપુરા શોપીંગમાં મોકાની દુકાન વેચવાની છે. એરિયા ૭૭૫ ચોરસ ફૂટ દસ્તાવેજ મુજબ.
સંપર્ક : 98241 37602



# સ્થાનિક સમાચારો

●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા

# બીલીમોરા બી.એસ. પટેલ સ્કૂલમાં વિશ્વ શ્રમ દિવસની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૦૧ :** ૧લી મે ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ અને વિશ્વ શ્રમ દિવસ ના પાવન પ્રસંગે બીલીમોરા બી.એસ. પટેલ સ્કૂલના સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ પર સેવાકીય કાર્યો અને રંગારંગ કૃતિઓ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આપણું ગુજરાત ગૌરવવંતુ ગુજરાતે બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત બી.એસ. પટેલ પ્રાયમરી સ્કૂલના સ્પોર્ટ્સ મેદાનમાં ગુરુવારે સવારે ટ્રસ્ટી ભરતભાઈ અમીન, આચાર્યા રોશનીબેન ગજેરા, પાલિકા પ્રમુખ મનીષ પટેલની ઉપસ્થિતમાં દીપ પ્રાગટ્ય સાથેમાં સરસ્વતીની વંદના સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

શાળા પરિવાર અને વિધાર્થીઓ દ્વારા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગુજરાત ગૌરવ દિવસની ગીત સંગીત સાથે શાનદાર ઉજવણી કરાઈ હતી. કામદાર વર્ગની સિદ્ધિઓ અને આપણા દૈનિક જીવનમાં તેમના અમૂલ્ય યોગદાન વિશે સમજૂતી આપતું હ્રદયસ્પર્શી નાટક વિશ્વ શ્રમિક દિવસે શ્રમિકોને સમર્પિત કરાયું હતું. નર્સરીથી ધો.૧૨ ના વિધાર્થીઓએ બીલીમોરા પાલિકા, શાળા કોલેજ સહિત અન્ય ઉપસ્થિત શ્રમજીવીઓને ફૂલ તિલક થી વધાવી વાસણ, બિસ્કિટ, ફ્રૂટી, ચેવડો, વેફર્સ, મિષ્ટાન આપી તેમની સેવાને બિરદાવી હતી.વર્ષ ૨૦૨૫-૨૬ માં શાળા સિલ્વર જ્યુબિલિ ઉજવણી કરનાર છે જેનો ધમધમાટ દેખાઈ રહયો છે. જે અંતર્ગત વિધાર્થીઓએ સાયન્સ સીટી ધરમપુર સુરત અને અમદાવાદ સાયન્સ સીટી તથા ઈશરો નો શૈક્ષણિક પ્રવાસ ખેડયો હતો. પ્રમુખ, ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે ગુજરાત સ્થાપના દીવસ અવસરે નગરજનોને શુભકામના પાઠવી હતી.

# નવસારી કલેકટર કચેરી ખાતે વર્ગ-ઉના કર્મચારીઓનું વિરોધ પ્રદર્શન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા. ૩૦ :** જિલ્લાભરમાં વર્ગ - ૩ ના કર્મચારીઓ દ્વારા વર્ષોના પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા આજરોજ એક દિવસ માટે માસ સીએલ ઉપર ઉતરી જતા પ્રજાના કામો ખોરંભે પડ્યા હતાં. જેમાં નવસારી જિલ્લામાં પણ ૨૦૦ જેટલા કર્મચારીઓમાં રજા ઉપર ઉતરી જઈ નવસારી જિલ્લા કલેકટર કચેરી ખાતે વિરોધનું પ્રદર્શન કર્યું હતું.

રાજયભરમાં સરકારી કર્મચારી તરીકે વર્ગ -૩માં ફરજ બજાવતા કર્મચારીઓના પડતર પ્રશ્નોની માંગણીઓને સરકાર ધ્યાન ઉપર ન લેતા અવર નવર ધરણા પ્રદર્શન કરવામાં આવ્યા છે. ત્યારે આજરોજ ફરીથી જિલ્લા ભરના નાયબ મામલતદાર, રેવન્યુ કર્મચારીઓ અને તલાટીઓ તેમજ વર્ગ ત્રણમાં સમાવેશ થતા તમામ કર્મચારીઓએ પડતર પ્રશ્નો જેમાં પ્રમોશન, જિલ્લા ફેર બદલી તથા મંજૂરી વગર ફેર બદલી કરી દેવામાં આવે છે અને પરીક્ષા લેવાયેલ તેનું રિઝલ્ટ જાહેર કરી કર્મચારીઓની ભરતી કરવામાં આવે એવા અનેક પ્રશ્નોની માંગણી હોવા છતાં સરકાર ન સાંભણતા આજરોજ માસ સીએલ ઉપર ઉતરી જઈ નવસારી જિલ્લા કલેકટર કચેરી ખાતે પ્રદર્શન કરી વિરોધ દર્શાવ્યો હતો.

## ડાંગ જિલ્લા ગૌ સેવા સમિતિ દ્વારા

# આહવામાં ભવ્ય સત્સંગનું આયોજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા.૦૧ :** ડાંગ જિલ્લા ગૌ સેવા સમિતિ દ્વારા આહવા નગરના રંગ ઉપવનનાં પટાંગણમાં પૂજ્ય સાધ્વી કપિલા ગોપાલ સરસ્વતી દીદીના મધુર સ્વરમાં સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ સત્સંગમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને દીદીના અમૃતમય વચનોનો લાભ લીધો હતો.સત્સંગ દરમિયાન દીદીએ ગૌ માતાના મહિમાનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં ગૌ માતાનું અનેરું મહત્વ છે. ગાયનું દૂધ, છાણ અને મૂત્ર અત્યંત પવિત્ર હોય છે અને તે અનેક રીતે ઉપયોગી છે. તેમણે સ્ત્રીને મહાન આત્મા ગણાવી અને લગ્ન પછી સાસુ-સસરાની પોતાના માતા-પિતાની જેમ સેવા કરવા પર ભાર મૂક્યો હતો. દીદીએ મહાભારતના દાનવીર કર્ણ અને કન્યાદાનમાં ગૌદાનના મહત્વ વિશે પણ વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગાય જ્યારે વાછરડાને જન્મ આપે છે ત્યારે તેની આસપાસ નવ ફેરા ફરવાથી કુંવારા લોકોને સર્વ ગુણ સંપન્ન પત્ની મળે છે. ગૌ માતા ધરતી પર સુખ અને સમૃદ્ધિ લાવે છે અને તેમનું હિન્દુ સમાજમાં વિશેષ સ્થાન છે. દેશની આઝાદીમાં ગૌ માતાના યોગદાન વિશે વાત કરતાં દીદીએ મંગલ પાંડેનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મંગલ પાંડેને જ્યારે ખબર પડી કે અંગ્રેજો દ્વારા વપરાતી બંદૂકની ગોળીઓમાં ગાયના માંસનો ઉપયોગ થાય છે, ત્યારે તેમણે અંગ્રેજો સામે બંડ પોકાર્યો હતો, જે ૧૮૫૭ના ક્રાંતિની શરૂઆતનું કારણ બન્યુ હતુ. આઝાદી પછી ભારતમાં ગૌ હત્યા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ આજના સ્વાર્થી રાજનેતાઓ અને લોકો ગૌ માતાની હત્યા કરી રહ્યા છે. આજે ગાયો રસ્તાઓ પર ભટકી રહી છે અને ઠોકરો ખાઈ રહી છે, જ્યારે દૂધ કાઢી લીધા પછી સ્વાર્થી માલિકો તેમને તરછોડી દે છે. ગાયોની તસ્કરી માટે સરકાર ટ્રાન્સપોર્ટેશન લેટર આપે છે, પરંતુ વાસ્તવમાં તેમને ખેડૂતોના ઘરે પહોંચાડવાના બદલે અન્ય કોઈ જગ્યાએ લઈ જવામાં આવે છે, જ્યાં તેમને ઘાસચારો અને પાણી પણ આપવામાં આવતું નથી અને ટ્રકમાં ખીચોખીચ ભરી દેવામાં આવે છે.દીદીએ તેમના ગુરુના વચનોને ટાંકીને કહ્યું હતું કે જ્યાં સુધી ગૌ માતાનું રક્ત વહેતું રહેશે ત્યાં સુધી કોઈ પણ પૂજા-પાઠ કે અનુષ્ઠાન સફળ નહીં થાય. આજે ગૌ માતાની સ્થિતિ અત્યંત ખરાબ છે. લોકોના ઘરમાં ચાર ગાડીઓ પાર્ક કરવાની જગ્યા છે, પરંતુ એક ગાયનું પાલન કરવાનો સમય નથી. જો રામ મંદિર માટે એક-એક ઈંટ આપી શકાય છે, તો દરેક ગામમાં એક સુંદર ગૌશાળા પણ હોવી જોઈએ. હિન્દુસ્તાનમાં ગૌ માતા વોટ નથી આપતી, તેથી તેની કોઈ કિંમત નથી. આ એક દોગલી રાજનીતિ છે. અરબ દેશોમાંથી આવતા ફંડના કારણે જ ગૌ હત્યા બંધ થતી નથી.દીદીએ તેમના પ્રવચન દ્વારા લોકોને ગૌ માતાના મહિમા વિશે સમજાવ્યું હતું. કથાના અંતે આરતી કરવામાં આવી હતી અને સમૂહ પ્રસાદીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ દિવ્ય ગૌ માતા સત્સંગમાં મેલડી માતા પરિવાર, ગોગા મહારાજ પરિવાર, પંપા સરોવરના સાધુ સંતો, આહવાના ઉપસરપંચ અને મોટી સંખ્યામાં ભાવિક ભક્તો અને માતા-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

# વાંસદાની જય અંબે સ્કૂલમાં કાયદાઓ વિશે માહતી અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા.૦૧ :** વાંસદા તાલુકાના રાણીફળીયા ગામ ખાતે આવેલી જય અંબે સ્કૂલમાં પી.આઈ કિરણ પાડવીએ બાળકોને કરિયરલક્ષી માર્ગદર્શન તેમજ પોકસો એકટ જેજે એકટ સાયબર ક્રાઈમ તેમજ અન્ય કાયદાઓ વિશે માહીતિ આપી હતી. આ -સંગે સ્કૂલના આચાર્ય રોહિતભાઈ ચક્રવર્તી, વિપુલભાઈ દેશમુખ તેમજ સ્કુલના તમામ શિક્ષકો અને સ્ટાફ હાજર રહ્યા હતો.

# ધનોરી પ્રાથમિક શાળામાં ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નવસારી, તા.૦૧ :** તા. ૧ મેં ૨૦૨૫ ના દિને ધનોરી પ્રાથમિક શાળામાં ગુજરાત સ્થાપના દિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. આજના દિને શાળામાં ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ શાળામાં નિવૃત્ત થતા શિક્ષિકા શ્રીમતી હંસાબેન પટેલ નો વિદાય સમારંભ તથા નવસારી ડાંગ અને વલસાડ જિલ્લા ક્ષય અને રક્તપિત નિવારણ મંડળ તથા લાયન્સ કલબ ગણદેવી અને અલાયન્સ ઈન્ટરનેશનલ ની ઉપસ્થિતિમાં ટીબીના દર્દીઓને હેલ્થ કીટ વિતરણ કરવામાં આવી. આ પ્રસંગે વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓ અને નિવૃત્ત શિક્ષિકા હંસાબેન પટેલનું સન્માન કરવામાં આવ્યું. ઉપસ્થિત સૌ મહેમાનોએ વિદ્યાર્થીઓ આગળ વધુ અભ્યાસ કરે તે માટે આશિર્વચનો કહ્યા તેમજ નિવૃત્ત શિક્ષિકા હંસાબેન ને હવે પછીના તંદુરસ્ત જીવન માટેની શુભકામનાઓ પાઠવી. આ પ્રસંગે લાયન્સ કલબ ગણદેવીના પ્રમુખ પ્રીતિબેન, વરિષ્ઠ પત્રકાર પરેશભાઈ અધ્વર્યુ, અરૂણભાઈ નાયક, અબ્દુલભાઈ ખલીફા, મુકેશભાઈ હળપતિ, છગનભાઈ હળપતિ, અરવિંદભાઈ શાહ, બાબુભાઈ હળપતિ, જયેશભાઈ ખલાસી, મહેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી સૌને શુભકામનાઓ પાઠવી.ગુજરાત સ્થાપના દિન નિમિત્તે સૌ વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતની ઝાંખી કરાવતી સાંસ્કૃતિક કૃતિઓ એ સૌનું આકર્ષણ જમાવ્યું. ટીબી કીટ વિતરણના મુખ્ય દાતા જયદીપભાઈ ધુમાડિયા રહ્યા તથા કાર્યક્રમની આભાર વિધિ કરી.

# અમલસાડ કાંઠા વિભાગનાં ગ્રામજનોની જાહેર સભા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૩૦ :** ગણદેવી ભાઠા ગામની કાંઠા વિભાગ પિયત મંડળીના નેતૃત્વ હેઠળ બુધવારે મેંધર રોડ શ્રી તુળજા માતા મંદિરે કાંઠા વિભાગના ગામજનોની જાહેરસભા મળી હતી. જેમાં કાંઠાના ગામોમાંથી ચોમાસાઋતુ વેળા વરસાદી પાણીનો સમયસર નિકાલ ન થતો હોવાની સમસ્યા ઉપર વિચાર વિમર્સ કરાયો હતો. મેંધર - ભાટ વિસ્તારમાં માનવસર્જિત સેંકડો મત્સ્ય તળાવોના અવરોધને કારણે નિચાણવાળા વિસ્તાર અને રહેણાંક મકાનો માં પાણી ફરી વળે છે. તે સાથે ખેતી પાકોને વ્યાપક નુકશાન પહોંચે છે. વર્ષોવર્ષની સમસ્યા ને સુલઝાવવા આંદોલન માટે આહવાન કરાયું હતું.

કાંઠા વિસ્તાર ના મેંધર-ભાટ ગામે ફિશરીઝ વિભાગ ના અધિકૃત કે બિન અધિકૃત તળાવોના કારણે રેલના દરિયામાં વહી જતા પાણી અવરોધાય છે પરીણામે કાંઠા વિભાગની જમીન અને ખેતી પાકો ને વ્યાપક નુકશાન થાય છે. પિયત મંડળીના મંત્રી હેમંત પટેલે સભા આયોજનની ભૂમિકા સમજાવી હતી. મંડળી સાથે સતત સંકળાયેલા શંકરભાઈ પટેલે તેમના વ્યક્તવ્યમાં મંડળીની વિસ્તૃત માહિતી સાથે રોડ પર સ્લેબ ડ્રેનની માંગણી જેવી માહિતી આપવા સાથે નવસારી જિલ્લા મત્સ્ય ઉદ્યોગ વિભાગ દ્વારા માંગણીનો અનાદર થઈ રહ્યો હોવાની લાગણી વ્યક્ત કરી હતી. તેઓના જણાવ્યા પ્રમાણે મંડળીએ મત્સ્ય ઉદ્યોગ માટે ફાળવેલા તળાવો, તેના ક્ષેત્રફળ તેમજ ફાળવેલા તળાવોની મુદત અંગે માહિતી અધિકાર કાયદા હેઠળ માહિતી માંગી હોવા છતાં મંડળીને કોઈ માહિતી આપી નથી. જે સ્પષ્ટ રીતે પિયત મંડળીની અવગણના છે જેની સામે આંદોલન જરૂરી હોવાનું જણાવ્યું હતું. ઉપસ્થિત અગ્રણીઓ પોતાના સુચનો સાથે જી હજુરીમાંથી બહાર આવી ઉગ્ર આંદોલન માટે રજુઆતો કરી હતી. ભાઠા કાંઠા વિભાગ પિયત મંડળીના પ્રમુખ રમણભાઈ સી. પટેલે અગ્રણીઓની હાજરીને પ્રોત્સાહક ગણાવી હતી. તેઓએ મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને સુભાષચંદ્ર બોઝ ને યાદ કરી જ્યાં સુધી રેલના પાણીના પ્રશ્નનો ઉકેલ ન આવે ત્યાં સુધી લડત ચાલુ રાખવા આવાહન કર્યું હતું. સભામાં અગ્રાણીઓના સુચનો અને ગામલોકોની લાગણીની નોંધ લઈ સભાની કાર્યવાહી આવેદનરૂપે સરકાર સમક્ષ રજુ કરવા નું નક્કી કરાયું હતું. નવસારી જિલ્લા પંચાયતના સભ્ય મહેશભાઈ હળપતિ, મેંધર સરપંચ નિલેશ ટંડેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરીત ડૉ. હેડગેવાર સ્મૃતિ સેવા સમિતિ દ્વારા

# આહવા ખાતે શબરી ભવનનું લોકાર્પણ કરાયું






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા.૦૧ :** ડાંગ જિલ્લાનાં મુખ્યમથક આહવા ખાતે અક્ષય તૃતીયાનાં શુભદિને શાસ્ત્રોકત વિધિ વિધાને સાધુ સંતો મહંતોની ઉપસ્થિતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરીત ડૉ. હેડગેવાર સ્મૃતિ સેવા સમિતિ દ્વારા નવનિર્મિત માઁ શબરી ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. ડાંગ જિલ્લાનાં પાંચેય રાજવીઓનાં અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ડાંગના રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીએ જણાવ્યુ હતુ કે ડાંગ જિલ્લાની ભાવી પેઢીના માટે શિક્ષણમાં ફેરફાર કરવાની તાતી જરૂરત છે.વર્તમાન શિક્ષણમાં પુરાતન અને સનાતન સંસ્કૃતિ ને ધ્યાનમાં રાખવુ જરૂરી બન્યુ છે.હાલના સમયમાં રામાયણ અને ભગવદ્ ગીતાના પાઠ્યપુસ્તકોનો સમાવેશ કરી ભારતના તમામ વિદ્યાલયોમાં ભાવિ પેઢીને સંસ્કૃતિ અને પ્રકૃતિ પૂજનની સાથે સંસ્કારનું પણ સિંચન થાય તેમ જણાવ્યુ હતુ.આ કાર્યક્રમમાં ઉપસ્થિત ડાંગ વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ અને ડાંગ જિલ્લાનાં ધારાસભ્ય વિજયભાઈ પટેલે મા શબરીની ગાથા વર્ણવી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પશ્ચિમ વિભાગના સંઘ સંચાલક ડૉ.જયંતિભાઈ ભાડેસિયાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આ માત્ર ભવન નથી આ ભવનમાં જિલ્લામાં રહેતા તમામ આદિવાસી સનાતન ધર્મ પ્રેમીઓનો ભાવ વસેલો છે. આપણે સૌ મા શબરીના સંતાન છે. મા શબરી પોતાના લગ્ન થવાના હતા એનો ત્યાગ કરીને ભગવાન શ્રીરામ આવશે એવા ભાવ સાથે આતુરતાથી રાહ જોઈને બેઠા હતા.એવો વિશ્વાસ અને દ્રઢ ભાવ જોઈને ભગવાન શ્રીરામ પણ માતા શબરીને મળવા આવ્યા હતા અને માતા શબરીએ ચાખી ચાખી અંતરભાવથી મીઠા બોર ખવડાવ્યા હતા. આપણે સૌ શબરી માતાનાં વંશજો છીએ જે આપણા માટે ગર્વ છે.વધુમાં આપણા અમુક પરિવાર રસ્તો ભટકી ગયા છે.જે રસ્તો ભટકેલ પરિવારોએ ચિંતન કરવાની જરુર છે.આ લોકાર્પણ પ્રસંગે આ ભવનનાં બાંધકામમાં સહયોગ કરતા દાનવીર દાતા વિમલજી પોદ્દાર, ઘનશ્યામભાઈ ક્યાડા, શૈલેષભાઈ (જે.કે.સ્ટાર), મનિષભાઈ જીવાણી,અનિલજી રૂંગટા, કિશોરભાઈ ડી.સાવજ સહિત ડાંગ જિલ્લાનાં દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. અહી ડૉ હેડગાવર સ્મૃતિ સેવા સમિતિ દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનોનું શાલ અને શ્રીફળ આપી સ્વાગત કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

**શુક્રવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી ) ૦૬.૦૫ -અર્થના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ -અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૭.૪૫-ગુજરાતી સમાચાર, ૦૭,૫૫ - કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦ -અમદાવાદના કાર્યક્રમ ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ . ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ ચરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૧૦.૩૦-થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૦.૦૦-હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર, ૦૨.૪૦ - સુગમ સંગીત.

**સાંજ :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG) ૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત ૦૫.૦૦ - વિવધ ભારતી -૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ (દમણથી) ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ ગુજરાતી સમાચાર, રાત્રે ૦૮.૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદ નાં કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી ૧૧.૧૦ - સભા સમાપન




## આજનું પંચાગ

**તા.**૦૨-૦૫-૨૦૨૫, **વાર:** શુક્રવાર **તિથિ:** પાંચમ **વિક્રમ સંવત:**૨૦૮૧ **સૂર્ય ઉદય:** ૦૬:૦૮ **સૂર્ય અસ્ત :** ૧૯:૦૭ **ચંદ્રરાશિ:** વૃષભ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારા સ્વભાવને અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજે ધીરજ રાખોજો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં.*

**કર્ક(ડ.હ) :** *આજના દિવસે તમે તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે.*

**સિંહ(મ.ટ.) :** *આજે તમારામાંના કેટલાકને મહત્વના નિર્ણયો લેવાની જરૂર પડશે જે તમને તાણગ્રસ્ત કરી મુકશે.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે.*

**તુલા (ર.ત.) :** *આજે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજે તમારૂં સ્મિત હતાશા સામે શસ્ત્ર જેવું કામ કરશે. જે લોકોએ લોન લીધી છે તે લોકો ને લોન ની રકમ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજના દિવસે તમે તમારા હકારાત્મક વિચાર તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે.*

**મકર(જ.ખ) :** *આજે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો તે આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્ઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો.*

નરીમન વરવાડેવાલા (સંજાણ) આયોજીત ક્રિકેટ ટૂર્નામેન્ટમાં

# અતુલની ઉલ્હાસ જીમખાના-એ ટીમ વિજેતા થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** દારા વરવાડેવાલા (સંજાણ) આયોજીત નરીમન વરવાડેવાલા મેમોરીયલ ક્રિકેટ ટૂર્નામેન્ટ સન ૧૯૬૨ થી આજદિન સુધી ચાલતી આવેલ આ ટૂર્નામેન્ટની માહિતિ આપતા ઉલ્હાસ જીમખાના માં જાન્યુઆરી ૨૦૨૫ થી એપ્રિલ ૨૦૨૫ સુધી ચાલેલ આ ટૂર્નામેન્ટમાં નવસારી (ગુજરાત)થી પાલગઢ (મહારાષ્ટ્ર) જિલ્લા સુધીની નામી ટીમોએ ભાગ લીધો હતો. તા.૨૩-૪-૨૦૨૫ નાં રોજ ફાયનલ મેચ ઉલ્હાસ જીમખાના અતુલ - A ટીમ વિરુધ્ધ સાગર સ્પોર્ટ્સ ક્લબ (નારગોલ)ની ટીમ વચ્ચે રમાઈ હતી. જેમાં સાગર સ્પોર્ટ્સની ટીમે પ્રથમ બેટિંગ લેતા નિર્ધારિત ૩૫ ઓવરમાં ૧૦૩ રન બનાવ્યા હતા. તેનાં જવાબમાં ઉલ્હાસ જિમખાના- A ની ટીમે ૧૦૪ રન બનાવી વિજય હાંસલ કર્યો હતો. મેન ઓફ ધી મેચ, બેસ્ટ ફીલ્ડર તથા બેસ્ટ વિકેટ કિપિંગ તરીકેનાં ઈનામો ઉલ્હાસ જિમખાના- A ટીમનાં ખેલાડીઓ અનુક્રમે યશ પટેલ,હાર્દિક મિસ્ત્રી,અર્શ પટેલને ફાળે ગયા હતાં. માત્ર બેસ્ટ બોલર તરીકેનું ઈનામ સાગર સ્પોર્ટ્સ ક્લબ (નારગોલ)નાં ખેલાડી ભાવેશ ડી. પટેલનાં ફાળે ગયુ હતું. આ ટૂર્નામેન્ટમાં નિર્ધારિત ૪૦ ઓવરમાં સૌથી વધુ રન કરનાર ટીમ તરીકેનું ઈનામ સંજય ફાર્મ (ચીખલી)ને ફાળે ગયું હતું. (૩૪૧/૯ વિકેટ). આ ટૂર્નામેન્ટમાં અમ્પાયર તરીકેની ભૂમિકા જાબક્ષ સુખેશવાલા અને કિરણ સોલંકીએ નિભાવી હતી.

અંતમાં ઈનામવિતરણનાં કાર્યક્રમમાં હાજર રહેલ જીસીએ કોચ તથા વલસાડ જિલ્લા U-૧૯ સીલેક્ટર હેમંત પાંચાલ જેઓ ગેસ્ટ તેમજ ઉલ્હાસ જીમખાનાની ટીમમાં પણ ૬૫ વર્ષે રમ્યા હતા. સાથે ઉપસ્થિત મહાનુભાવો

આસીફ પ્રાણીયા, બિપિન પટેલ, અશ્વિન પટેલ, ઉલ્હાસ જીમખાના ક્રિકેટ સેક્રેટરી હોમિયાર કાસદ,જનરલ સેક્રેટરી જે.ડી. પટેલ, આયોજક દારા વરવાડેવાલાનાં હસ્તે વિજેતા ઉપવિજેતા ટીમો તથા બન્ને ટીમનાં ખેલાડીઓને ટ્રોફી તેમજ મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

# દમણમાં શાંતિ યજ્ઞ સાથે પરશુરામ જયંતિ ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** શ્રી સમસ્ત ગુજરાતી બ્રાહ્મણ સમાજ દમણ દ્વારા તા. ૨૯મી એપ્રિલ, મંગળવારનાં રોજ પરશુરામ જયંતિ નિમિત્તે પહલગામ હુમલામાં મૃત્યુ પામેલ હિન્દુઓના આત્માની શાંતિ માટે શાંતિ યજ્ઞનું આયોજન અને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ શ્રી ભીડભંજનેશ્વર મહાદેવ દેવાલય પરિસર ખાતે યોજવામાં આવ્યો.

સમાજનાં પ્રમુખ હિરેનભાઈ જોષીએ જણાવ્યું હતુ કે દર વર્ષે શ્રી પરશુરામ જયંતિ નિમિત્તે શ્રી બ્રાહ્મણ સમાજ દ્વારા બાઈક રૅલીનું આયોજન કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે પહેલગામમાં થયેલ આતંકી હુમલાને લઈ પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ બાઈક રૅલીનો કાર્યક્રમ મોકૂફ રાખી શાંતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે પારડીથી આવેલ બ્રહ્મ કુમારોએ સમાજનાં પુર્વ પ્રમુખ રાજેશભાઈના યજમાન સ્થાનેથી આ શાંતિયજ્ઞનો પાઠ કરી પહેલગામમાં મૃત્યુ પામેલ હિન્દુઓના આત્માને શાંતિ આપતાં આહુતિઓ આપી હતી.

આ પ્રસંગે સમાજનાં પુર્વ પ્રમુખો પ્રગ્નેશ ભટ્ટ, અપૂર્વ પાઠક, ઉપ પ્રમુખો જયેશ જોષી તેમજ વૈશાલી ભટ્ટ, સચિવ રાજીવ ભટ્ટ, ખજાનચી કમલેશ મોઢા તેમજ કારોબારીના સભ્યો તેમજ અન્ય જ્ઞાતિ બંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની પુર્ણાહુતી શ્રી પરશુરામ ભગવાનની આરતી કરી કરવામાં આવી હતી.

# કપરાડાની કન્યા સાક્ષરતા નિવાસી શાળામાં વાર્ષિકોત્સવ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૩૦ :** કપરાડા તાલુકામાં આદિજાતિ વિકાસ વિભાગ ગુજરાત સરકાર અને ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર સંચાલિત કન્યા સાક્ષરતા નિવાસી શાળા સુથારપાડા હાલે કપરાડા ખાતે ચાલતી શાળામાં વાર્ષિકોત્સવ તાલુકા પંચાયતના પ્રમુખ હીરાબેન માહલાના અધ્યક્ષ સ્થાને યોજાયો. કાર્યક્રમના પ્રારંભ પ્રાથના સાથે કાશ્મીરના પહેલગામમાં આંતકી હુમલામાં મૃત્યુ પામેલા ને શ્રધાંજલિ માટે મોન પાળી કર્યો હતો. ત્યાર બાદ શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ વિવિધ કલાકૃતિઓ રજૂ કરી હતી. આ ઉપરાંત શાળાના આચાર્ય નીતાબેન ચૌધરીએ શાળાના અહેવાલ અને રૂપરેખા આપી હતી. અને શાળાની ધો. ૬ થી ૧૨ની વિદ્યાર્થીનીઓએ વર્ષ દરમિયાન શાળા કક્ષાએ અને તાલુકા અને જીલ્લા કક્ષાએ યોજાયેલા યુવા ઉત્સવોમાં પ્રથમ, દ્વીતીય અને તૃતીય કર્મ મેળવનાર વિદ્યાર્થીનીઓનું ઉપસ્થિત મહેમાનો દ્વારા સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય ગુલાબભાઈ રાઉત, મીનાક્ષીબેન ગાંગોડા, તાલુકા પંચાયત સદસ્ય ધારત્રીબેન ગાયકવાડ, એકલવ્ય મોડલ સ્કૂલ કપરાડાના આચાર્ય વસંતભાઈ પાઠક, શાળાના આચાર્ય નીતાબેન ચૌધરી, શાળાના શિક્ષકો ધર્મિષ્ઠાબેન પઢિયાર, પ્રકાશભાઈ થોરાત,કલ્પેશભાઈ ગાંવિત સહિતના શિક્ષકો તથા વાલીઓ અને મોટી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઘોઘરપાટી પ્રા.શાળાના ઉપશિક્ષિકાનો નિવૃત્તિ વિદાય સન્માન સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૧ :** ઘોઘર પાટી ખાતે યોજાયેલ વિદાય સમારંભમાં બામતીના સરપંચ વિજય પાનેરીયા ઉપસ્થિત રહ્યા હતાં. જેઓએ વયમર્યાદાના કારણે નિવૃત થનાર શાળાના શિક્ષિકા અનસૂયાબેન મોહનસિંહ રાઠોડ હવે પછીનું જીવન નિરોગી સુખમય અને પરિવાર સાથે આનંદમય રીતે વિતાવે એવી શુભેચ્છા પાઠવી જ્યારે ધારા સભ્ય અરવિંદભાઈ પટેલે પોતાના પ્રવચનમા અનસૂયાબેને શિક્ષણ રૂપી પીરસવામાં આવેલ ભાતુ થી બાળકોને મળેલ સારા સંસ્કાર તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને શિસ્તના પાઠ ભણાવી આજે અનસૂયા બેનના વિદ્યાર્થીઓ સારી એવી પોસ્ટ પર નોકરી કરી રહ્યા છે. અનસૂયા બેનની શિક્ષકમય પ્રવૃત્તિને બિરદાવતા શિક્ષક સંઘના પ્રમુખ ગોકુળભાઈ પટેલે પોતાના પ્રવચનમાં અનસૂયાબેન એક નિષ્ઠાવાન શિક્ષક તરીકે પોતાની ભૂમિકા ભજવી અન્ય શિક્ષકોને ઉદાહરણ પૂરું પાડ્યું છે જેમણે એક શ્રેષ્ઠ શિક્ષક તરીકે ઉત્કૃષ્ટ કાર્ય સાથે વિદ્યાર્થીઓના પ્રાથમિક શિક્ષણના પાયામાં ઘડતર કરી શિક્ષક તરીકેની ઉમદા ભૂમિકા અદા કરી છે. આ પ્રસંગે પૂર્વ પ્રાથમિક સંઘના મંત્રી વિજયભાઈ પરમાર, એડવોકેટ જયદીપસિંહ સોલંકી, એસએમએસએમ



હાઈસ્કૂલના પૂર્વ ઇ.ચા આચાર્ય નરેન્દ્રભાઈ ચાવડાએ પ્રસંગ અનુસાર પ્રવચન રજૂ કર્યું હતું . યોજાયેલ નિવૃત સમારંભ કાર્યક્રમમાં નિવૃત થનાર અનસૂયા બેનના પતિ દશરથસિંહ ચાવડા રમેશભાઈ અટારા, ડાહ્યાભાઈ પટેલ ગામના આગેવાનો વલસાડ તા. પ્રા. શિ. સંઘના હોદ્દેદારો, પ્રા. શાળાના આચાર્ય અને શિક્ષકો, નિવૃત શિક્ષકો, સગા સબંધીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. નિવૃત થતાં શિક્ષિકા અનસૂયાબેનનું શાળાના આચાર્ય તથા સ્ટાફ દ્વારા શાલ ઓઢાડી સ્મૃતિ ભેટ આપી સન્માન કર્યું હતું. જયારે નિવૃત થનાર અનસૂયાબેને ૩૦ વર્ષ સુધી શિક્ષણ સેવા કાર્યની કેટલીક યાદો તાજી કરી હતી જયારે ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યાં હતા યોજાયેલ નિવૃત્ત સમારંભમાં શાળા પરિવારે જરૂરિયાત સહયોગ કર્યો હતો.

# આર.કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સમાં એમએસસી પાર્ટ-૪નું પરિણામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** આર.કે.દેસાઈ કોલેજ ઓફ સાયન્સ અંતર્ગત એમ.એસ.સી. sem -4 organic Chemistry ના વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૨૪-૨૫ માં VNSGU દ્વારા લેવાયેલ પરીક્ષામાં જાહેર થયેલ પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. જેમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થી એમ.એસ.સી. ઓર્ગેનિક કેમિસ્ટ્રી ના વિદ્યાર્થી પટેલ અમન (૮.૬૭ sgpa) દ્વિતીય ક્રમે પટેલ ગ્રેસી (૮.૫૦ sgpa), . આ ઉપરાંત ,ત્રીજા ક્રમે પટેલ અભિષેક .(૮.૩૩ sgpa) આવ્યા હતાં. આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તેમજ સંસ્થાના ઈન્ચાર્જ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહ , ઈન્ચાર્જ આચાર્ય પ્રો.સુરભી ચૌધરી અને કેમિસ્ટ્રી વિભાગના હેડ ડૉ.મહેશ સોનવણેએ શુભેચ્છા પાઠવી હતી. તેમજ સર્વ પ્રાધ્યાપકોએ પણ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતાં.



રાજ્યસભાના સાંસદ બિહાર મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ અને વનને સન વન ઈલેક્શનના ગુજરાત રાજ્યના પ્રભારી ધર્મશીલા ગુપ્તા એ આજરોજ વલસાડમાં આવેલા શ્રી ઓમકારેશ્વર મહાદેવ મંદિર અને વલસાડ કેતન શાહના નિવાસ્થાનની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે શિવજી મહારાજ નગરપાલિકા કાઉન્સિલર શહેર ભાજપ ઉપપ્રમુખ પરેશભાઈ પાટીલ ,જનસંઘ પરીવાર ધર્મેશ શાહ અન્ય આગેવાનો વાપી જયસ્વાલ સમાજના રાજુભાઈ જયસ્વાલ, સંતોષ જયસ્વાલ અગ્નનીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતાં.

# આછવણી પ્રગટેશ્વર ધામ દ્વારા મથુરામાં ૧૦૮ કુંડી મહાવિષ્ણુ યજ્ઞ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** આછવણી પ્રગટ પ્રગટેશ્વર મહાદેવના ધર્માચાર્ય પરભુદાદા અને રમાબાની પ્રેરણાથી અખાત્રીજ નિમિત્તે ઉત્તર-દેશના મથુરા કૃષ્ણ જન્મભૂમિ નજીક આવેલા શ્રીજીબાબા આશ્રમ પરિસરમાં ૧૦૮ કુંડી મહાવિષ્ણુ યજ્ઞ કરવામાં આવ્યો હતો. યજ્ઞનો શુભારંભ બ્રહ્મમુહૂર્તમાં સવારે ૩-૦૦ વાગે દેહશુધ્ધિ સાથે કરવામાં આવ્યો હતો. ભૂદેવો અનિલભાઈ જોષી અને કશ્યપભાઈ જાનીએ શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ સંપન્ન કરાવી હતી. જેમની સાથે મથુરાના ભૂદેવ પણ સહભાગી બન્યા હતા અને આહુતિ અપાવી હતી.

યજ્ઞની પૂર્વ સંધ્યાએ યજ્ઞસ્થળ ઉપર ધજારોહણ કરાયું હતું. આ અવસરે ધર્માચાર્ય પરભુદાદાએ યજ્ઞમાં ઉપસ્થિત સૌનું કલ્યાણ થાય અને ભગવાન શ્રીકૃષ્ણની કૃપા વરસતી રહે તેવા આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતું કે, મથુરા નગરીમાં મહાવિષ્ણુ યજ્ઞ કર્યો છે. તેનું ફળ અવશ્ય મળે જ છે. પ્રગટેશ્વર મહાદેવ સેવા સમિતિ પ્રમુખ બીપીનભાઈ પરમારે યજ્ઞમાં ઉપસ્થિત સૌનો તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. યજ્ઞ પૂર્ણાહુતિ બાદ તેમજ યજ્ઞની પૂર્વ સંધ્યાએ સૌના માટે મહાપ્રસાદનું આયોજન પણ કરાયું હતું. આ શુભ અવસરે પ્રગટેશ્વર સેવા સમિતિ ગુજરાત પ્રમુખ બીપીનભાઈ પરમાર, સહિતના ભાવિકો તેમજ ગુજરાત મહારાષ્ટ્ર શિવ પરિવાર ઉપસ્થિત રહી યજ્ઞમાં સહભાગી બન્યા હતાં.




# અદાણી એન્ટર-ઇઝ લિ.ના નાણા વર્ષ-૨૫ના પરિણામો જાહેર

**અમદાવાદ, તા. ૦૧**

અદાણી સમૂહની ફલેગશિપ કંપની અને ઈન્ક્યુબેટર અદાણી એન્ટર-ઇઝ લિ. (AEL), એ ૩૧ માર્ચ-૨૦૨૫ના પૂરા થયેલા અંતિમ ત્રિમાસ અને સંપૂર્ણ નાણાકીય વર્ષ-૨૫ના પરિણામો આજે જાહેર કર્યા છે.

નાણાકીય વર્ષ-૨૫માં એકીકૃત એબિડટા ૨૬ુ વધી રૂ.૧૬,૭૨૨ કરોડ રહ્યો છે. એકીકૃત કર પહેલાનો નફો ૧૬ ટકા વધી રૂ. ૬,૫૩૩ કરોડ થયો છે. ઈન્ક્યુબેટીંગ વ્યવસાયોનો એબિડ્ટા ૬૮ ટકા વધીને રૂ.૧૦,૦૨૫ કરોડ થયો છે.

આ વેળા અદાણી સમૂહના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે આ પરિણામો દ્વારા એઈએલની ઈન્ક્યુબેશનની તાકાત મજબૂત રીતે માન્યતા સાથે ઉભરી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રત્યેક ત્રિમાસિક પરિણામોમાં તેના ઈન્ક્યુબેશન વ્યવસાયોની કામગીરી અને વૃદ્ધિમાં એકધારી સુસંગતતા પ્રતિબિંબિત થઈ રહી છે. કંપનીએ ફકત મજબૂત કામકાજ અને નાણાકીય કામગીરી જ દર્શાવી નથી, પરંતુ તે સાથે મોટા આંતરમાળખાકીય પ્રકલ્પોની ક્ષમતાનો વ્યાપ અને તેના વ્યવસાયોની સંપત્તિનો ઉપયોગ સમયસર પૂર્ણ થવા પર પણ લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે.તેમણે કહ્યું હતું કે અદાણી એન્ટરપ્રાઈઝની છત હેઠળ અમે એવા વ્યવસાયોનું નિર્માણ કરી રહ્યા છીએ જે ભારતના માળખાગત અને ઉર્જા ક્ષેત્ર માટે ભવિષ્યની કેડી કંડારી તેને વ્યાખ્યાયિત કરશે, નાણાકીય વર્ષ ૨૫ માં અમારું મજબૂત પ્રદર્શન એ સ્કેલ, ગતિ અને ટકાઉપણુંની અમારી શક્તિની પ્રત્યક્ષ ફળશ્રુતિ છે. અમારા ઈન્કયુબેટીંગ વ્યવસાયોમાં પ્રભાવી વૃદ્ધિ શિસ્તબદ્ધ અમલ, ભાવિ-કેન્દ્રિત રોકાણો અને શ્રેષ્ઠ કાર્યશૈલી તેમજ અભિનવ અને ટકાઉપણા માટેની પ્રતિબદ્ધતાની શક્તિને પ્રતિબિંબિત કરે છે. અદાણીએ ઉમેર્યુ હતું કે જેમ જેમ અમે ઉર્જા સંક્રમણ, એરપોર્ટ્સ, ડેટા સેન્ટર્સ અને ખનન સેવાઓમાં વધારો કરી બજારના નવા નેતૃત્વને આકાર આપી રહ્યા છીએ જે આગામી દાયકાઓ સુધી ભારતની વૃદ્ધિની ગાથાને આગળ ધપાવશે. અમારા ઈન્ક્યુબેટીંગ સ્પેક્ટ્રમમાંની પ્રત્યેક સફળતા લાંબા ગાળાના મૂલ્યનું સર્જન કરવા માટેના અમારા ધ્યેયને ગતિઆપે છે અને વૈશ્વિક આર્થિક પાવર હાઉસ તરીકે ભારતના ઉદભવને પ્રેરે છે.



કૌશિક હરીયાએજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત કૌશિક હરીયા ટેક્નીક્લસેંટર (આઈ. ટી. આઇ) ખાતે સ્વ. કૌશિકભાઈ કાન્તીભાઇ હરીયાની તા. ૧/૦૫/૨૦૨૫ના રોજ ૩૫મી પુણ્યતિથિ નિમિતે શ્રધ્ધાજલિનો કાર્યક્રમમાં ઉપસ્થિત ટ્રસ્ટીઓ તથા સ્ટાફ અને તાલીમાર્થીઓએ ભાવપૂર્ણ શ્રધ્ધાજલિ અર્પણ કરેલ ત્યાર બાદ દરેક તાલીમાર્થીઓને નોટબુક તેમજ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જળ અને સ્વચ્છતા સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ

**વલસાડ, તા.૦૧ :** વલસાડ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની સમીક્ષા બેઠક જિલ્લા કલેકટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, વલસાડના સભાખંડમાં યોજાઇ હતી.



આ બેઠકમાં આગામી ચોમાસા પહેલા જિલ્લામાં પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા તેમની પાણી પુરવઠા યોજના અને જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ(વાસ્મો) દ્વારા થઇ રહેલી કામગીરીથી કલેકટરશ્રીને માહિતગાર કર્યા હતા. જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ(વાસ્મો) દ્વારા નલ સે જલ યોજના અંતગર્ત જિલ્લાના ધરમપુર, કપરાડા અને ઉમરગામના આદિવાસી વિસ્તારોના ગામો અને વલસાડ, પારડી અને વાપી તાલુકાના મળી કુલ ૪૬૬ પૈકી ૩૯૦ ગામોમાં પીવાના પાણીના નળ કનેકશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ઉપરાંત આ યોજનાઓની મરામત અને નિભાવણીની કામગીરી ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ/ ગ્રામપંચાયત દ્વારા ઓપરેટરો રાખી આંતિરક પાણી વિતરણની કામગીરીઓ કરવામાં આવી રહી છે. બેઠકમાં પાણી પુરવઠા વિભાગના યાંત્રિક વિભાગ દ્વારા ઉનાળાની ઋતુ દરમિયાન પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે ૧૧૧ મીની પાણી પુરવઠા યોજના જેમાં વલસાડ તાલુકામાં ૨૦, પારડી તાલુકામાં ૧૮, ઉમરગામ તાલુકામાં ૧૨, ધરમપુર તાલુકામાં ૩૧ અને કપરાડા તાલુકામાં ૩૦ નો સમાવેશ થાય છે. જયારે બોર/ હેન્ડ પંપ વલસાડ તાલુકામાં ૧૦, પારડી તાલુકામાં ૪, ઉમરગામ તાલુકામાં ૨૦, ધરમપુર તાલુકામાં ૪ અને કપરાડા તાલુકામાં ૧૪ મળી કુલ ૫૨ બોર/હેન્ડ પંપના કામો પૂરા કરવા, આદિ આદર્શ ગ્રામ યોજના અંતગર્ત સ્કૂલ/ આંગણવાડીઓમાં બાળકો અને વિદ્યાર્થીઓ માટે સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તે માટે ૭૯ કામો જેમાં વલસાડ તાલુકામાં ૨, પારડી તાલુકામાં ૯, ઉમરગામ તાલુકામાં ૨, ધરમપુર તાલુકામાં ૪૮ અને કપરાડા તાલુકામાં ૧૮ કામો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને પ્રોગામ ઓફિસરે સર્વે મુજબ પાણી પુરવઠા વિભાગના સંકલન સાથે પૂર્ણ કરવાના રહેશે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત પ્રાયોજના વહીવટદાર કાર્તિક જીવાણી, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક અશોક કલસરિયા, વાસ્મોના યુનિટ મેનેજર એચ. એમ. પટેલ, જિલ્લા આરોગ્ય વિભાગના જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. મનોજ પટેલ પાણી પુરવઠા વિભાગના અસ્ટોલ પ્રોજેકટ મોનીટરીંગ યુનિટ, ધરમપુરના કાર્યપાલક ઈજનેર શ્રીરાજ પટેલ યાંત્રિક વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર અનિલ પટેલ તેમજ સંબધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહયા હતાં.



સ્વ. જીવણદાદા પરિવારના સભ્યોના સૌજન્યથી અભય ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સુરત જિલ્લાના વડોલી ગામના દિવ્યાંગજનોને સાયકલ વિતરણ કરવામાં આવી હતી. ગામના દિવ્યાંગજનોને સાઈકલ આપીને પ્રોત્સાહિત કરવા ટ્રસ્ટના પ્રેસિડેન્ટ ભાવનાબેન મિસ્ત્રી, વાઈસ પ્રેસિડેન્ટ અનિલભાઈ, સેક્રેટરી યજુર્વી મિસ્ત્રી તથા વડોલી ગામના આગેવાનો અરૂણભાઈ મિસ્ત્રી, અંતિનભાઈ શાહ, ચિરાગ પટેલ, રાહુલ પારેખ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જીવણદાદા પરિવારના સભ્યોએ દાન આપીને દિવ્યાંગજનોને શુભેચ્છાઓ પાઠવી હતી. ટ્રસ્ટના સભ્યોએ ગામના આગેવાનોનો આભાર માન્યો હતો.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com



## ગીરમાં ૧૯મી સ્ટાર પાર્ટી (મિલ્કિ-વે સ્પેશિયલ) યોજાઈ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

બીગબેંગ એસ્ટ્રોનોમી કલબ રાજકોટ દ્વારા ગીર સ્ટાર પાર્ટી મિલ્કિ-વે સ્પેશિયલ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮ વર્ષના ટેણિયાથી માંડી ૮૪ વર્ષના સીનિયર સીટીઝન સહિત ૬૧ લોકોએ આ સ્ટાર પાર્ટીનો આનંદ માણ્યો હતો. તેમજ વહેલી સવારે આપણી આકાશગંગાના કેન્દ્ર સાથે ફોટા પડાવ્યા. આજ સ્થળ પર આ ૧૯ મી સ્ટાર પાર્ટી હતી. પહેલી રાતે વાદળોએ થોડો ખેલ બગાડ્યો પરંતુ બીજી રાત્રે લોકોએ મન ભરીને આકાશ અને જંગલના વાતાવરણને માણ્યું. ખગોળપ્રેમીઓએ આપણી મીલ્કી વે સાથે સેલ્ફી સાથે સાથે નાની ઉમરના શિબિરાર્થીઓ એ લાઈટ પેન્ટિંગની પણ મજા માણી હતી. અંધારી જગ્યા પર કેમેરાનું શટર થોડી સેકન્ડો માટે ખુલ્લુ રાખી, વ્યક્તિની આસપાસ LED લાઈટ વડે મનગમતો આકાર ટ્રેસ કરી તેણે લોંગ એક્સપોઝર ફોટોમાં આકૃતિ તરીકે જોઈ શકાય છે અને આને લાઈટ પેન્ટિંગ કહેવાય છે. આવનારા દિવસોમાં વેકેશન વર્કશોપ અંતર્ગત એક એક દિવસની ત્રણ ગીર સ્ટાર પાર્ટીનું આયોજન છે જેમાં આપણી આકાશગંગા સ્પષ્ટ જોઈ શકાશે.

## Signs of Life, elsewhere!




"The wonder is, not that the field of stars is so vast, but that man has measured it."


\- Anatole France, French Poet& Nobel Laureate.

Scientists have been searching for life beyond Earth for decades. Even a hint of it excites the whole world and becomes front-page news. There are many scientific missions being carried out around the globe to search for life beyond our planet Earth.

Scientists are searching for signs of life on the planets and moons of our Solar System, as they are comparatively very near to us. If needed, rovers can be sent to explore more. The most likely candidate for the possibility of the existence of life is the planet Mars. There may be life on it, maybe in the interior of it, or deep inside caves, or underneath the Martian surface. There could be pockets of liquid bodies with microscopic life forms. Another possibility is that there was life on Mars earlier, which is long dead now. Even in this case, it tells us that life is at least not a monopoly feature of the Earth, and the chances of finding it elsewhere in the Universe grow manifold.

Scientists have theories about the possibility of the existence of life on Titan, a moon of Saturn and on Europa, a moon of Jupiter. There are huge liquid bodies on them and a fairly comfortable environment for life to evolve and survive.

Now, what about the millions and billions of stars in our galaxy and billions of other galaxies in the universe? Certainly, there are planets going around those stars too. Well, we call these planets exoplanets, which simply means planets orbiting other stars. And the moons that go around these exoplanets are known as exomoons. There are trillions of exoplanets and exomoons out there. Almost every star harbors a system of exoplanets, exomoons, exoasteroids, and exocomets, like our solar system.




We do not yet know how a life actually starts, but we do know how it can evolve and survive and what environmental conditions are required. Life to survive requires being on a planet that is not very near or far from its star. The planet should be of a certain size and mass for it to have a perfect gravitational field so that it can have a comfortable atmosphere. Its rotational speed and duration speed should also be of a certain time period for a proper day and night kind of situation. Well, there are hundreds of factors for life to kick-start its journey on that planet. If everything is OK, then life will evolve on that planet and may acquire intelligence millions of years later. We certainly took a couple of billion years to evolve from a single cellular being to a multicellular intelligent species.

Recently, scientists have found the presence of certain molecules in the atmosphere of an exoplanet known as K2-18b. These molecules can be produced only by simple organisms on Earth. Indirectly, indicating the possibility of life on that exoplanet. But the scientists state that more data and analysis is required to confirm the results.

The exoplanet K2-18b is approximately 2.5 times the size of Earth and 8 times as massive. It is orbiting the star K2-18 at a comfortable distance, needed for life to survive. The star K2-18 is at a distance of 124 light years from us. Recent observations made by the James Webb Space Telescope (JWST) have revealed the presence of methane and carbon dioxide in the atmosphere of exoplanet K2-18b, important ingredients for the existence of life.

The star K2-18, along with its planetary system, was discovered by the Kepler Space Telescope, and thus the name K2 (K2 being the second mission of the Kepler Space Telescope). K2-18 is orbited by 2 exoplanets, K2-18b and K2-18c.

We Indians are proud of the fact that one of the scientists who led the research is Prof. Nikku Madhusudan, an Indian-origin astrophysicist at Cambridge University's Institute of Astronomy.

Author actively popularizes Astronomy among the general public and students. Please feel free to send your queries related to Astronomy on hemalshah8177@gmail.com with the subject line "Astronomy 360 DGT".

### ખગોળશાસ્ત્રનો અભ્યાસ લગભગ ૫,૦૦૦ વર્ષોથી ચાલે છે

# આજે આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર દિવસ

**ઈ.સ. ૧૯૭૩ માં ઉત્તરી કેલિફોર્નિયાના એસ્ટ્રોનોમિકલ યુનિયનના પ્રમુખ ડગ બર્જરે પ્રથમ એસ્ટ્રોનોમી ડેનું આયોજન કર્યું હતું**



**વિજ્ઞાનજગત**

**લેખક :દીપક જગતાપ**



વિશ્વભરમાં દર વર્ષે બે વખત આંતરરાષ્ટ્રીય ખગોળવિજ્ઞાન દિવસનું આયોજન કરવામાં આવે છે. પ્રથમવાર ૨મે ના રોજ જ્યારે બીજીવાર ૨૬ સપ્ટેમ્બરે.આ દિવસે, વિવિધ સંગ્રહાલયો અને ખગોળશાસ્ત્રીય સંસ્થાઓ દ્વારા ખગોળવિજ્ઞાન વિશે જાગૃતિ ફેલાવવા માટે સેમિનાર, વર્કશોપ અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ૧૯૭૩ માં ઉત્તરી કેલિફોર્નિયાના એસ્ટ્રોનોમિકલ યુનિયનના પ્રમુખ ડગ બર્જરે પ્રથમ એસ્ટ્રોનોમી ડેનું આયોજન કર્યું હતું. આ દિવસના આયોજનનો મુખ્ય હેતુ સામાન્ય લોકોને ખગોળશાસ્ત્ર અને સમગ્ર બ્રહ્માંડના મહત્વ વિશે જાગૃત કરવાનો અને તેમને તેમાં રસ વિકસાવવામાં મદદ કરવાનો છે. ખગોળશાસ્ત્રનો અભ્યાસ લગભગ ૫,૦૦૦ વર્ષોથી ચાલે છે અને તેને સંબંધિત તમામ વિજ્ઞાન શાખાઓમાં સૌથી જૂની ગણવામાં આવે છે. ૧૬૦૮ માં ટેલિસ્કોપની શોધ પછી, બ્રહ્માંડના રહસ્યને ઉકેલવામાં ખગોળશાસ્ત્રનું મહત્વ વધુ વધી ગયું. સમય જતાં, છેલ્લા કેટલાક દાયકાઓમાં ટેક્નોલોજીએ નોંધપાત્ર પ્રગતિ કરી છે, અને ઘણા સિદ્ધાંતો અને અવલોકનો રજૂ કરવામાં આવ્યા છે, જે ખગોળશાસ્ત્રને વધુ અદ્યતન બનાવે છે.

૨જી મે દિવસે દર વર્ષે, આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસે ખગોળશાસ્ત્રીય સંસ્થાઓ, પ્લેનેટોરીયમ, સંગ્રહાલયો વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે અને ખગોળશાસ્ત્રની દુનિયા વિશે જાગૃતિ ફેલાવે છે.

આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર દિવસ સૌપ્રથમ ૧૯૭૩ માં ડગ બર્જર દ્વારા મનાવવામાં આવ્યો હતો, જેઓ તે સમયે ઉત્તરી કેલિફોર્નિયાના એસ્ટ્રોનોમિકલ એસોસિએશનના પ્રમુખ હતા. તેમનો ઉદ્દેશ્ય ખગોળશાસ્ત્રના વિશાળ ક્ષેત્રમાં સામાન્ય લોકોની રુચિ વધારવાનો હતો ખગોળશાસ્ત્ર દિવસ એ રાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર સપ્તાહનો એક ભાગપણ છે.

પૃથ્વીની બહાર આપણા બ્રહ્માંડનો અભ્યાસ એસ્ટ્રોનોમી છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહો, તારાઓ અને ઘણું બધું વિશે આપણે જાણીએ છીએ તે બધું ખગોળશાસ્ત્રમાંથી આવે છે. ખગોળશાસ્ત્રીઓ આપણા બ્રહ્માંડને સમજવા માટે ગણિત, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રનો ઉપયોગ કરે છે.

પ્રથમ આધુનિક ખગોળશાસ્ત્રી નિકોલસ કોપરનિકસ નામના પોલિશ વૈજ્ઞાનિક હતા. ખગોળશાસ્ત્રના પિતા તરીકે જાણીતા કોપરનિકસે ૧૫૩૨ માં પ્રસ્તાવ મૂક્યો હતો કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. જે લાંબા સમયથી માનવામાં આવતું હતું તેનાથી વિપરીત હતું - કે અવકાશમાં બધું પૃથ્વીની આસપાસ ફરે છે.

સાચું હોવા છતાં, કોપરનિકસનો સિદ્ધાંત ૧૬૩૨ સુધી સાબિત થશે નહીં, જ્યારે ઈટાલિયન ખગોળશાસ્ત્રી ગેલિલિયો ગેલીલીએ સાબિત કર્યું કે ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે. તેમણે ટેલિસ્કોપનો ઉપયોગ કરીને આ ક્રાંતિકારી શોધ કરી હતી, અને અવકાશનો અભ્યાસ કરવા માટે તેનો ઉપયોગ કરનાર પ્રથમ વ્યક્તિ હતા.

કોપરનિકસ અને ગેલિલિયો પછીની સદીઓમાં, ખગોળશાસ્ત્રીઓએ બ્લેક હોલથી ગુરુના ચંદ્ર સુધી અદ્ભુત શોધ કરવાનું ચાલુ રાખ્યું છે. તેઓએ કેટલાક અવિશ્વસનીય સિદ્ધાંતો પણ રજૂ કર્યા છે. સૌથી -ખ્યાત બિગ બેંગ થિયરી છે, જે માને છે કે આપણું બ્રહ્માંડ અબજો વર્ષો પહેલા એક જ ગરમ બિંદુના વિસ્ફોટથી શરૂ થયું હતું જે ત્યારથી વિસ્તરી રહ્યું છે. બીજો ડાર્ક એનર્જીનો સિદ્ધાંત છે, એક કાલ્પનિક પ્રકારની ઉર્જા જે ગુરુત્વાકર્ષણની વિરુદ્ધ વર્તે છે. જો સાચું હોય, તો તે સમજાવી શકે છે કે આપણું બ્રહ્માંડ આટલી ઝડપથી કેમ વિસ્તરી રહ્યું છે.

### "રાત્રે વહેલાં જે સૂવે, વહેલાં ઊઠે વીર, બળ, બુદ્ધિ ને સુખમાં રહે શરીર..."

# બેઠાડું જીવન મેદસ્વિતાને લીલા તોરણે વધાવે છે

**મેદસ્વિતાથી ડાયાબિટીસ, બ્લડ઼઼ે-શર, લકવા, કેન્સર, મનોજાતીય રોગો અને હૃદયના રોગો વધી રહ્યા છે : દૈનિક જીવનમાં દોરડા કૂદવા, સાયકલ ચલાવવી, દોડવું, ભાગવું, યોગ કરવું વગેરે તંદુરસ્ત જીવનનો અભિગમ, તેને કેન્દ્રસ્થાને રાખવુ જરૂરી**

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

**ખાસ લેખ: જિજ્ઞેશ સોલંકી**




"રાત્રે વહેલાં જે સૂવે, વહેલાં ઊઠે વીર, બળ, બુદ્ધિ ને સુખમાં રહે શરીર..." આ ગીત આજીવન ગાવુ પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અનિયમિત જીવનશૈલીને કારણે બાળકોથી માંડીને મોટેરાઓમાં પણ મેદસ્વિતાનું પ્રમાણ વધી રહ્યું છે જેના કારણે જીવલેણ બિમારીઓનું પ્રમાણ પણ વધી રહ્યુ છે. પ્રજાની સુખાકારીની ચિંતા કરતા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ "પહેલુ સુખ તે જાતે નર્યા" કહેવતને સાર્થક કરી જન જનના આરોગ્યની ચિંતા કરી મેદસ્વિતા ઘટે તેના પર ભાર મુક્યો છે. જેને અનુસંધાને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી છે. આ અભિયાનને વલસાડ જિલ્લા વહીવટી તંત્રએ વધાવી લીધું છે. જે અંગે વલસાડ જિલ્લા આરોગ્ય ખાતાના ચણવઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. રાધિકા ટિક્કુ મેદસ્વિતા અંગે કેટલીક મહત્વની ટીપ્સ આપી જનજાગૃતિ કેળવી રહ્યા છે.

'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંગે ડો. રાધિકા ટીક્કુ જણાવે છે કે, બેઠાડું જીવન સૌંદર્યને નષ્ટ કરે છે સાથે જીવલેણ રોગોને આમંત્રણ આપી મેદસ્વિતાને લીલા તોરણે વધાવે છે. મેદસ્વિતા માટે જવાબદાર આપણી દૈનિક રોજનીશી છે. અતિ સગવડોમાં રાચતા દ્વિચક્રી, ચાર પેંડાના વાહનોમાં ફરતો આજનો માનવ સમુદાય આળસનો શિકાર બની રહ્યો છે. પરાવલંબી જીવન જીવવાની સારી એવી ફાવટ આવી ગઈ છે. આહાર વિહારની વ્યાખ્યા સાવ બદલાઈ ગઈ છે. પીઝા, બર્ગર, મેંદાની રોટી, તેલથી તરબરતી વાનગીઓ આરોગવાની ફેશન છે. જેના કારણે શરીરમાં મેદસ્વિતાનો પગપેસારો સહેલાઈથી થઈ ગયો છે. ઘરના કામોમાં પણ વોશિંગ મશીન, ઘરઘંટી સહિતના ઓટોમેટિક સાધનો આવી જતા પહેલાના સમયમાં શારીરિક શ્રમની ટેવ હતી તે છોડી હવે મેદસ્વિતાને પ્રેમથી આવકારી રહ્યાં છીએ. પહેલા જૂની વાનગીઓ થૂલીમાંથી બનતી રાબ, ઘેંસ, જુવાર- બાજરીના રોટલા, મેથી, મગની દાળ, પાલક અને સરગવાનું શાકને રોજના વાળુમાં ચોક્કસ સ્થાન અપાતુ હતું હવે ફૂડ ડિલિવર એપ પરથી હોટલમાં બનેલુ તૈયાર રસોઈ ઘરે આવતી થઈ ગઈ છે. આ વિવિધ કારણોસર મેદસ્વિતાનું પ્રમાણ દિનપ્રતિદિન ચિંતાજનક રીતે વધી રહ્યુ છે.

મેદસ્વિતાને અટકાવવા માટે જરૂરી ઉપાયોની વાત કરતા ડો.ટિક્કુ કહે છે કે, ઋતુએ ઋતુએ રસોડામાં તલ, શીંગ અને સરસ્વના તેલને બદલવું જોઈએ. દૈનિક ખોરાકમાં કચુંબરનું સ્થાન કેન્દ્રસ્થાને અને મોળી છાશને રાખવું અતિ આવશ્યક છે કારણ કે તે અતિ મેદસ્વીતાને રોકે છે. મેદસ્વિતાથી ડાયાબિટીસ, બ્લડ-઼ેશર, લકવા, કેન્સર, મનોજાતીય રોગો અને હૃદયના રોગો વધી રહ્યા છે. આ રોગોને નાથવાના શસ્ત્ર રૂપે આરોગ્યપ્રદ નિરામય જીવનશૈલી, ખોરાકમાં ફેરફાર, ધ્યાન અને યોગ જેવી પ્રવૃત્તિનો દૈનિક જીવનમાં વેગ આપવો પડશે આ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. ઘરના નાનકડા બગીચામાં જરૂરિયાત પૂરતી શાકભાજીઓ વાવી દૈનિક ઉપયોગ કરીશું તો આપણે મેદસ્વિતાને ગુજરાત જ નહી પરંતુ ભારતમાંથી પણ દેશનિકાલ કરીશું.

વધુમાં તેઓ જણાવે છે કે, અહીં સવાલ છે સાચી જાગૃતિનો. વ્યકિત દરરોજ વજન કાંટા પર વજન માપતા રહે એવો અભિગમ અપનાવવો પડશે. દૈનિક જીવનમાં દોરડા કૂદવા, સાયકલ ચલાવવી, દોડવું, ભાગવું, યોગ કરવું વગેરે તંદુરસ્ત જીવનનો અભિગમ છે તેને કેન્દ્રસ્થાને રાખવો જરૂરી છે. શારીરિક કે માનસિક તકલીફો જેવી કે બેચેની, અનિંદ્રા, માથું દુખતું રહેવું, ઉદાસ રહેવું, ચીડીયા પડવું, સ્ટ્રેસની માત્રા વધી જવી, કામમાં એકાગ્રતા ન આવવી. આ બધી સામાન્ય તકલીફોને કયારેય અવગણવી નહી પરંતુ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબ અને કોમ્યુનિટી હેલ્થ ઓફિસર પાસે જરૂરી તપાસ નિ:શુલ્ક કરાવી સ્વસ્થ જીવન જીવી શકાય છે.

## મેન્ટલ હેલ્થ અને મેદસ્વિતાને ઘનિષ્ઠ સબંધ : ડો. રાધિકા ટિક્કુ



માનસિક આરોગ્ય માટે પણ સરકારે સુવિધા ઊભી કરી છે. મેન્ટલ હેલ્થ અને મેદસ્વિતાને ખૂબ નજીકનો ઘનિષ્ઠ સબંધ છે.સરકારી દવાખાનામાં ફ્રી માં કાઉન્સેલિંગ સેશન પણ કરવામાં આવે છે. ગુજરાત સરકાર -જાના આરોગ્યની સુખાકારી માટે કટિબદ્ધ છે. પ્રજાને આરોગ્યમય, નિરોગી જીવન આપવા આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેકે દરેક ગામડામાં આયુષ્યમાન આરોગ્ય મંદિરનું નિર્માણ કરી પ્રજાના દરેક વર્ગોને મફત સારવાર ઉપલબ્ધ કરાવી છે, સાથે સાથે આરોગ્ય શિક્ષણ સાથે બ્લડ, યુરિન, એક્ષ-રે અને અન્ય પરીક્ષણો મફત કરી જે તે રોગની ઉતમ દવાઓ પણ વિના મૂલ્યે મળે છે. પ્રજાના આરોગ્યની સંભાળ માટે સરકારે તો હાથ લંબાવ્યો છે પરંતુ હવે જાગૃતિ કેળવી બીજો હાથ પ્રજાએ પણ લંબાવવાનો છે. સરકારી આરોગ્ય કેન્દ્રમાં જઈ પોતાની તપાસ નિયમિત કરાવતું રહેવું. આમ સૌ સાથે ભેગા મળીને જીવનશૈલી બદલી મેદસ્વિતાને ભગાડી શકીશું એ ચોક્કસ છે.

## મોરબી વિજ્ઞાન કેન્દ્રમાં વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ ઉજવાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજરાત સરકાર) ગાંધીનગર પ્રેરિત આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૮-મે વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ તથા રેડક્રોસ દિવસ નાં અનુસંધાનમાં આપણાં ગુજરાત ની ધરા એટલે પ્રવાસી પક્ષીઓ નું સ્વર્ગ આ સ્પર્ધા દ્વારાં આપણી ધરતીની શાન અને આપણાં મોંઘેરાં મહેમાનોને હું પક્ષીઓ ને બચાવવા એટલું તો જરૂર કરીશ દ્વારાં બધાં જ લોકો માં જાગૃતી કેળવાય એ મુખ્ય હેતુ છે.

આ માટે ભારતભરનાં વિવિધ સરોવર કાંઠે આવી વસતાં પક્ષીઓ ડ્રોઈંગ સીટમાં પસંદગીનાં પક્ષીનું ચિત્ર દોરી તેનું નામ તથા રહેણાંક તથા નીચે હું પક્ષીઓને બચાવવા આટલું તો જરૂર કરીશ ફોટો પાડી મોકલી આપવાનું રહેશે. દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર તથા કેટેગરીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતા સ્પર્ધકોને સિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવાંમાં આવશે.

**દમણગંગા ટાઈમ્સ**

દર શુક્રવારે પ્રકાશિત થતાં વિજ્ઞાન વિભાગમાં વિજ્ઞાન શિક્ષકો, વિદ્યાર્થીઓ કે અન્ય જીજ્ઞાસુઓ વિજ્ઞાન વિષયક સમાચારો, પોતાના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના ટૂંકા લેખો, સાયન્સ પ્રોજેક્ટ કે જનરલ નોલેજની વિગતો પોતાના નામ-સરનામા સાથે લખીને મોકલી શકે છે.

**સંપર્ક: સંપાદક, દમણગંગા ટાઈમ્સ, વિજ્ઞાન વિભાગ ને.હા.નં.૮ દમણગંગા ટાઈમ્સ કાર્યાલય,વાપી**

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ દુકાન નં.૨, કોમલ કોમ્પ્લેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની. સામે, ઉમરગામ, 97240 70571/ 9898839269

# ગાંધીવાડી રહેઠાણ વિસ્તારમાં ભંગારના ગોડાઉન સામે તપાસ જરૂરી

## વાપી મહાનગરપાલિકાના રહેઠાણ વિસ્તારમાં ગેરકાયદેસર ભંગારના ગોડાઉન સામે કાર્યવાહી હાથ ધરાઈ હતી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૧ :** ઉમરગામ ગાંધીવાડી વિસ્તાર જીઆઈડીસીને અડીને આવેલો હોય જ્યાં વર્ષોથી ભંગારીયાઓ દ્વારા ગોડાઉન ઉભા કરવામાં આવ્યા છે. જે તે સમયે ઔદ્યોગિક વિસ્તારમાં રહેતા કામદારોને રહેવા માટે ગાંધીવાડી ઈડબલ્યુએસ કોલોની નિર્માણ કરાયું હતું ત્યારબાદ આસપાસના વિસ્તારોમાં ખાનગી માલિકીની જમીનમાં રહેવા માટે મકાનો તેમજ ચાલીઓનું નિર્માણ તબક્કાવાર થતું ગયું. આજે ઉમરગામ શહેર વિસ્તારમાં સૌથી ગીચ વિસ્તાર તરીકે ગાંધી વાડી જાણીતું બન્યું છે. મોટેભાગે પરપ્રાંતીઓ ગાંધી વાડીમાં વસવાટ કરતા જોવા મળે છે.

અગાઉ પણ તંત્ર દ્વારા સ્થાનિક રહેઠાણ વિસ્તારમાં ભંગારના ગોડાઉન સામે કાર્યવાહી કરવામાં આવી હતી. સાંપ્રત સમયમાં વાપી મહાનગરપાલિકા દ્વારા રહેઠાણ વિસ્તારમાં ભંગારના ગોડાઓનો સામે હાથ ધરાયેલ કાર્યવાહી માંથી પ્રેરણા લઈ સ્થાનિક તંત્ર પણ જાહેર હિતને ધ્યાને લઈ સ્થળ તપાસ કરી ગેરકાયદેસર ચાલતા ભંગારના ગોડાઉન સામે કાર્યવાહી કરે તે જરૂરી બન્યું છે. સ્થાનિક વિસ્તારમાં અગાઉ ભંગારના ગોડાઉનમાં આગ લાગતા રહીશોના જીવ ટાળવે ચોટ્યા હતા. ફાયર ફાઈટર ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા પરંતુ ફાયર બ્રાઉઝર ઘટના સ્તર સુધી પહોંચે તેવી સ્થિતિ ન હોય મુખ્ય માર્ગ ઉપર ફાયર બ્રાઉઝર ઉભા કરી આગ કાબુમાં લેવા ફાયર ફાઈટરો એ કવાયત કરવી પડી હતી.

# ઉમરગામ તાલુકામાં જાહેર સુરક્ષા સંદર્ભે બેદરકારીની સમીક્ષા જરૂરી

**ફાયર સેફટી સુવિધા બાબતે ઔદ્યોગિક અને રહેઠાણ વિસ્તારની બહુમાળી ઈમારતોમાં નિયમોની અવગણના જાહેર સુરક્ષા સંદર્ભે ગંભીર વિષય : તંત્રના અધિકારીઓ નિયમોનું પાલન કરાવવામાં નિષ્ફળ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૧ :** ઉમરગામ તાલુકાના સરીગામ અને ઉમરગામ ઔદ્યોગિક વિસ્તારમાં આશરે ૨૦૦૦ જેટલા નાના મોટા ઉદ્યોગો કાર્યરત છે. જ્યારે બે નોટિફાઈડ વિસ્તાર અને નગરપાલિકા સહિત તાલુકાની મોટી ગ્રામ પંચાયતોમાં આશરે ચાર લાખ કરતા વધુ લોકો વસવાટ કરે છે.

ઉમરગામ તાલુકામાં વર્ષ દરમિયાન અનેક આગની ઘટનાઓમાં ઉદ્યોગકારો તેમજ સ્થાનિક વિસ્તારના રહીશોએ ભારે નુકસાન વેઠવું પડ્યું હોવાના દાખલા રેકોર્ડ પર છે. ઉમરગામ તાલુકામાં ઉદ્યોગોમાં નિર્ધારિત એફ એસ આઈ છોડીને મંજૂર થયેલા નકશા મુજબ બાંધકામ કરવાનું હોય છે. પરંતુ કેટલાક એકમો દ્વારા નિયમોની અવગણના કરી જીઆઈડીસી દ્વારા ફાળવેલ પ્લોટ હોય કે પછી ગ્રામીણ વિસ્તારમાં ઔદ્યોગિક એકમ હોય મંજૂર થયેલા પ્લાન થી વિપરીત સો ટકા બાંધકામ કરી દેવામાં આવે છે અને તેથી જ આગ જેવી ઘટના સમયે ફાયર ફાઈટર ઘટના સ્થળ સુધી પહોંચી શકતા નથી. સુરતમાં ઘટેલી ઘટના બાદ રાજ્ય સરકારના કડક વલણને કારણે કેટલાક સમય સુધી તંત્ર નિયમોનું પાલન કરાવવામાં બાબતે ગંભીર જોવા મળ્યું હતું પરંતુ ફરી જાહેર સુરક્ષા સંદર્ભે રહેઠાણ વિસ્તાર અને ઔદ્યોગિક વિસ્તારમાં ફાયર સેફટીના નિયમો સંદર્ભે સમીક્ષા જરૂરી બની છે. ગ્રામ પંચાયત વિસ્તાર તેમજ શહેરી વિસ્તારોમાં બહુમાળી ઈમારતના બાંધકામ માટે મંજૂરી તો આપી દેવામાં આવે છે. પરંતુ તે સંદર્ભે જરૂરી દિશાની નિર્દેશોનું પાલન થયું છે કે કેમ તે બાબતે તંત્ર દ્વારા સ્થળ નિરીક્ષણ કરી ખરાઈ કરવા અંગે બેદરકારી જોવા મળી રહી છે. તાજેતરમાં સોળસુબા સ્ટેશન વિસ્તારની બહુમાળી ઈમારતના છઠ્ઠા મળે આગ લાગી હતી. જેમાં ઘરવખરીને ભારે નુકસાન થયું હતું. સ્થાનિક જવાબદાર તંત્ર દ્વારા જાહેર સુરક્ષા ને ધ્યાને લઈ બહુમાળી ઈમારતોમાં ફાયર સેફટી ના નિયમોનો ઉલ્લંઘન કરનારાઓ સામે નિયમ અનુસારની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.



# ઉમરગામની શાળાના વિદ્યાર્થીઓએ કચરામાંથી વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાના પ્રોજેક્ટ કર્યો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૧ :** ઠંડા પીણા અને પ્લાસ્ટિકની બોટલો ની સાથે પેકિંગ ફૂડના પ્લાસ્ટિકના પેપર અને ચોકલેટના રેપર પર્યાવરણને પ્રદૂષિત કરી રહ્યા છે. ત્યારે આવા પ્લાસ્ટિકના કચરાના પ્રદૂષણથી પર્યાવરણને બચાવવા બચવા ઉમરગામની એક શાળાના વિદ્યાર્થીઓએ આ પ્લાસ્ટિકના કચરામાંથી ઉપયોગ કરી વેસ્ટ માંથી બેસ્ટ બનાવવા માટે એક વિશેષ પ્રોજેક્ટ કર્યો છે. જેને કારણે આ પ્લાસ્ટિકનો કચરો ઉપયોગી તો સાબિત થાય છે. સાથે પર્યાવરણમાં ફેલાતા પ્રદૂષણને પણ અટકાવે છે.

ઉમરગામનો દરિયા કિનારો પ્રવાસન માટે જાણીતો છે. આ દરિયા કિનારે રોજના હજારો પ્રવાસીઓ દરિયા કિનારે મોજ માણવા આવે છે. જોકે બહારથી આવતા પ્રવાસીઓ આ દરિયા કિનારે પ્લાસ્ટિકની બોટલ તેમજ ચિપ્સના પડીકા ખાઈને દરિયા કિનારે જ નાખી દેતા જોવા મળતા હોય છે. ત્યારે આ પ્લાસ્ટિક ઘણીવાર દરિયામાં જતા દરિયાઈ જીવ સૃષ્ટિને પણ નુકસાન થાય છે. તો બીચની સુંદરતા મેં ગ્રહણ લગાડતા હોય છે .જોકે હવે ઉમરગામની પીએમ શ્રી કુમાર શાળાના વિદ્યાર્થીઓ પર્યાવરણના જતનની સાથે બીચની સુંદરતા માટે નાનકડો પ્રયાસ કરી રહ્યા છે. શાળાના વિદ્યાર્થીઓ ઉમરગામના દરિયા કીનારે ફેંકી દેવામાં આવેલા પ્લાસ્ટિકના કચરા તેમજ પ્લાસ્ટિક બોટલ એકત્ર કરી શાળામાં લઈ જાય છે અને ત્યારબાદ આ પ્લાસ્ટિકની બોટલમાં ૪૦ માઈક્રોનથી નાની પ્લાસ્ટિકના કચરાને બોટલમાં ઠાંસીને ભરે છે. શાળાની સાથે સાથે પોતાના ઘરની આસપાસ જોવા મળતા પ્લાસ્ટિકના કચરાને સ્કૂલમાં લાવે છે.

પીએમ શ્રી કુમાર શાળા દ્વારા બાળકોને અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિ પણ કરાવવામાં આવે છે. પર્યાવરણ જાગૃતિ અંતર્ગત આ શાળામાં પ્લાસ્ટિક બ્રિક્સ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના તમામ વિદ્યાર્થીઓ તેમની આજુબાજુ તેમજ તેમના ઘરમાં અને ખાસ કરીને દરિયાઈ કિનારેના વિસ્તારોમાં નાંખી દેવામાં આવેલ પ્લાસ્ટિકની બોટલ તેમજ ૪૦ માઈક્રોનથી પાતળા પ્લાસ્ટિકને એકત્ર કરે છે. આ તમામ બોટલ અને પ્લાસ્ટિકને શાળામાં લાવવામાં આવે છે અને ત્યારબાદ આ તમામ વેસ્ટ પ્લાસ્ટિક ને બોટલમાં ઠાંસી ભરી દેવામાં આવે છે. ત્યારબાદ તેનો પ્લાસ્ટિક બ્રિક્સ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે બનાવેલી ઈંટોનો ઉપયોગ શાળામાં ઉગેલા વૃક્ષોની પ્રોટેક્શન દિવાલ માટે બનાવવામાં આવે છે.

રાજ્ય સરકાર ચાલીસ માઈક્રોનથી પાતળા પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. તેમ છતાં આ પ્રકારના પ્લાસ્ટિકના કચરાનો ઉપયોગ અનેક વિસ્તારોમાં જોવા મળે છે. જેના કારણે પર્યાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે આ શાળાના વિદ્યાર્થીઓનો એક નાનકડો પ્રયાસને જોઈને અન્ય શાળાઓ પણ આ પ્રકારનો નવતર પ્રયોગ કરી પર્યાવરણનું જતન કરી શકે છે.

# ઉમરગામ તાલુકામાં ફળોના રાજા કેરીનું આગમન

## ઓછા પાકને કારણે સ્વાદ રસિકોએ ઊંચા ભાવે કેરી ખરીદવી પડી રહી છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૧ :** ઉમરગામ તાલુકામાં માર્ચ મહિનાના અંત સુધીમાં બાગાયત ખેતી કરનારા ખેડૂતો વાડીમાંથી કેરી ઉતારવાની શરૂઆત કરે છે. વર્તમાન સમયમાં ગત વર્ષની તુલનામાં કેરીનો પાક ઓછો હોવાને કારણે ઊંચા ભાવે કેરીનું વેચાણ થતું જોવા મળે છે. ઉમરગામ તાલુકામાં બાગાયત ખેતી કરતા ખેડૂતો છેલ્લા ચાર વર્ષથી વાતાવરણમાં અસંતુલન અને કમોસમી વરસાદને કારણે કેરીની સીઝનમાં ઓછો પાક ઉતરતા નુકસાન વેઠી રહ્યા છે.

તાલુકાના ખેડૂતોએ સરકાર સમક્ષ પણ નુકસાની વળતરની માંગ કરી હતી. પરંતુ તેઓને કોઈ આર્થિક સહાય સરકાર દ્વારા આપવામાં આવી નથી ચાલુ વર્ષે પણ આફૂસ અને કેસર કેરીમાં ખુબ ઓછો પાક જોવા મળી રહ્યો છે અને તેથી જ બજારમાં ૩,૦૦૦થી લઈને ૩૫૦૦ મણ ના ભાવે સ્વાદ કેરી ખરીદવી પડી રહી છે. ભીલાડ નજીક હાઈવે પર મહારાષ્ટ્રના રત્નાગીરીની હાફૂસ કેરી ૧૮૦૦ થી ૨૨૦૦ રૂપિયા મણના ભાવે વેચાણ થતું જોવા મળે છે.



# ઉમરગામમાં વર્ષી તપ કરનાર તપસ્વીઓના પારણા કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૧ :** શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય તથા સકળ સંઘ દ્વારા ઉમરગામ ખાતે ૧૩ મહિના સુધી તપસ્યા કરી વર્ષી તપ કરનાર તપસ્વીઓને પારણા કરાવવા દ્વિદિવસેય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરગામ સરીગામ સહિત મહારાષ્ટ્રના બોરડી ગોલવડ વગેરે વિસ્તારના કુલ ૬૫ જેટલા તપસ્વીઓએ પારણા કર્યા હતા. આયોજકો દ્વારા દ્વિદિવસે કાર્યક્રમ અંતર્ગત વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું સાથે જ બીજે દિવસે તપસ્વીઓને પારણા કરવામાં આવ્યા હતાં. સમગ્ર ભારત દેશમાંથી તપસ્વીઓને પારણા કરાવવા તેઓના સગા સંબંધીઓ ઉમરગામ ખાતે આવી પહોંચ્યા હતાં. કાર્યક્રમ વિશે ટ્રસ્ટી વસંતભાઈ જૈન દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી સરીગામ વિસ્તારના જૈન નગરની કમલેશભાઈ દ્વારા આયોજકોને શુભકામના પાઠવવામાં આવી હતી.

# ભીલાડની લક્ષ્મી વિદ્યાપીઠ સ્કૂલમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૧ :** લક્ષ્મી ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ વલસાડ ડિસ્ટ્રિક્ટ એસોસિએશન દ્વારા આયોજિત ક્રિકેટ કક્ષાએ ફાઈનલ મેચમાં વિજય મેળવ્યો હતો.



સરીગામ ખાતે આવેલ શાંતાબેન હરિભાઈ ગજેરા સંચાલિત લક્ષ્મી ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ વલસાડ ડિસ્ટ્રિક્ટ એસોસિએશન દ્વારા આયોજિત અંડર - ૧૬ બોય ક્રિકેટની ફાઈનલ મેચમાં દર્શીલ પાઠક ૧૦૨ રન, આયુષ પટેલ ૧૦૧ રન અને વિર પટેલે ૫ વિકેટ તેમજ પુરી ટીમના ખેલાડીઓના અથાગ મહેનતથી ફાઈનલ કક્ષાએ વિજય મેળવ્યો છે. આમ ખેલાડીઓના ક્રિકેટ પ્રત્યે પોતાની મેહનત,ઉત્સાહ અને ધગશની સાથે સાથે શાળાના રમત- ગમતના શિક્ષકો દ્વારા યોગ્ય માર્ગદર્શન, પ્રેકટીસથી ફાઈનલ લેવલે ક્રિકેટ મેચમા વિજેતા થયા છે.

ક્રિકેટ કક્ષાએ ફાઈનલ મેચમા જીતનાર ખેલાડીઓને તાલીમ આપનાર શિક્ષકોને ટ્રસ્ટી વસંતભાઈ ગજેરા, ચુનીભાઈ ગજેરા, ટ્રસ્ટી કુ. કિંજલ ગજેરા તથા શાળાના આચાર્ય પ્રવીણભાઈ પવાર અને લક્ષ્મી શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# સરીગામમાં વિવિધ કામોનું ખાતમુર્હૂત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૧ :** સરીગામના ગોવનવારી ફળીયા, ઓઝરીયા ફળીયા, અંધેર ફળીયા વિસ્તારના પેવરબ્લોક,ડામર, મેટલ રસ્તાઓ, સાંસ્કૃતિક હોલનું નવિનીકરણ, પીવાના પાણીના બોર હેંડ પંપ વિ. અંદાજીત ખર્ચર રૂા. ૨૩.૦ લાખના વિકાસના કામોનું ખાતમુર્હુત સરીગામના શિક્ષિત અને સેવાભાવી સરપંચ સહદેવભાઈ મરીયાભાઈ વઘાતના વરદ હસ્તે શ્રીફળ વધેરીને કરવામાં આવ્યુ. આ પ્રસંગે સરીગામ વિકાસ મંચના સંયોજક રાકેશ રાયે સરીગામ તથા તાલુકાના ધોરણ ૯થી ધોરણ ૧૨ ના વિધાર્થીઓને મફત (વિના મૂલ્યે) ટ્યુશન કલાસનો લાભ લેવા અપીલ કરી હતી અને શિક્ષણ થકી જ દરેક પ્રશ્નોનું નિરાકરણ આવશે એમ જણાવ્યુ હતું.

સરપંચ સહદેવભાઈએ સરીગામના સંપૂર્ણ અને સમતોલ વિકાસ માટે કટીબધ્ધ હોવાનુ જણાવ્યુ હતું. આ ખાતમુર્હુત કાર્યક્રમમાં તા. પં. ઉમરગામના ઉપપ્રમુખ વિલાસભાઈ ઠાકરીયા, પંચાયત સભ્યશ્રી માર્ગારેટ મેડમ, મહીલા અગ્રણી ગાયત્રીબેન ઓઝરીયા, સરીગામ અગ્રણીઓ નિલેશ ઢાંખર, દેવરાજ ભટ્ટ, અરવિંદભાઈ, સતુભાઈ, નવિનભાઈ સહીત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી સરીગામના સતત થઈ રહેલા વિકાસ કાર્યો બદલ આનંદ વ્યકત કર્યો હતો.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# ખતલવાડમાં અંબાજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૧ :** ખતલવાડ ગ્રામ પંચાયત વિસ્તારના તરમોરા ફળિયામાં નવનિર્મિત અંબાજી મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આજથી પ્રારંભ કરાયો હતો. ૧૯૮૨માં નવચંડી યજ્ઞ કરી માતાજીની સ્થાપના કરવામાં આવી હતી ત્યારબાદ સ્થાનિક વિસ્તારના યુવાનોએ મંદિરના નિર્માણ માટે સંકલ્પ કરી ૨૦૨૧માં મંદિરનો



ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું અને ત્રણ વર્ષના સમયગાળામાં મંદિરના નિર્માણની કામગીરી પૂર્ણ કરી આજરોજ અંબા માતાના નવનિર્મિત મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ કરાયો હતો. ખતલવાડ સહિત સમગ્ર તાલુકામાંથી માતાજીના ભક્તો પાવન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં. આમંત્રણને માન આપી ધારાસભ્ય રમણભાઈ પાટકર સહિત ગ્રામ પંચાયત સરપંચ સુરેન્દ્રભાઈની વિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી. મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભક્તો ભક્તિ રંગે રંગાયેલા જોવા મળી રહ્યા હતાં.

# અન્ય સમાચારો

Friday 02, May 2025
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 02, May 2025

## યુદ્ધ કોને ભારે પડશે ?

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલમાં કેટલાય મોરચે ઘણું બધું ચાલી રહ્યું છે. સરકારે જે મોટા નિર્ણયો લીધા છે તેની અસર સમજવી જરૂરી છે. સવાલ ઊઠી રહ્યા છે કે સિંધુ જળ સંધિ રોકવાનો શો અર્થ છે અને તેની કેવી આર્થિક અસર થઈ શકે છે? બીજો મોટો સવાલ છે કે પાકિસ્તાન સાથે વેપાર તો પહેલાં નહિવત હતો, તો હવે તેના બંધ થઈ જવાથી શો ફરક પડવાનો છે? ત્રીજો સવાલ એ છે કે જો યુદ્ધ થયું, તો તેનો ખર્ચ કેટલો થશે? ત્રણેય સવાલ વાજબી છે, પરંતુ તેનો જવાબ એટલો આસાન નથી. સિંધુ જળ સંધિ તૂટવાથી પાકિસ્તાનની અર્થવ્યવસ્થા પર વધારે અસર થશે. પંજાબનો જે હિસ્સો પાકિસ્તાનના ફાળે ગયો છે તે સિંચાઈ માટે આ જ નદીઓ પર નિર્ભર છે. પાકિસ્તાનની લગભગ ૮૫ ટકા પેદાશ પંજાબમાં જ થાય છે. તેની અર્થવ્યવસ્થાનો ચોથા ભાગનો હિસ્સો આજે પણ ખેતીથી આવે છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ૭૦ ટકા આબાદી ખેતીથી જ રોજીરોટી ચલાવે છે. જમીનનું જળસ્તર સતત ઘટવાને કારણે પાકિસ્તાનનો પણ મોટો હિસ્સો વરસાદ અને આ નદીઓના પાણીના જ ભરોસે છે. સિંધુ અને તેની સહાયક નદીઓનું ૮૦ ટકા પાણી પાકિસ્તાન જાય છે. ખરા અર્થમાં તેને પાકિસ્તાનની જીવન-રેખા કહી શકાય.

બીજી તરફ, ભારત અને પાકિસ્તાન વચ્ચે વેપાર બંધ થવાનો મુદ્દો છે. ભારતે વાઘા-અટારી બોર્ડર બંધ કરવાનું એલાન કર્યું, તો પાકિસ્તાને પણ એવું કર્યું. સવાલ છે કે જ્યારે બંને દેશો વચ્ચે વેપાર હતો જ નહીં, તો શો ફરક પડે છે? ૨૦૧૯ના પુલવામા હુમલા બાદથી ભારતે પાકિસ્તાનથી આવનારા સામાન પર ૨૦૦ ટકાની ડ્યૂટી લગાવી દીધી હતી. પરિણામે, પાકિસ્તાનથી જે આયાત ૨૦૧૯માં લગભગ ૫૫ કરોડ ડોલર હતી, તે ૨૦૨૪ સુધી ઘટીને માત્ર ૪૮ લાખ ડોલર રહી ગઈ. જોકે પાકિસ્તાને પણ કાશ્મીરમાં અનુચ્છેદ-૩૭૦ ખતમ થયા બાદ ભારત સાથે વેપાર પર રોક લગાવી હતી, પરંતુ જલ્દી જ મોંઘવારીના મારથી કેટલીક જરૂરી ચીજોની આયાત ખોલવા પર મજબૂર થઈ ગયું. એક આર્થિક પોર્ટલે આંતરરાષ્ટ્રીય એજન્સીઓના હવાલાથી જણાવ્યું છે કે ૨૦૨૪માં ભારતથી પાકિસ્તાનને નિકાસમાં ૧૨૭ ટકાનો ઉછાળો આવ્યો છે. તે ૫૩.૦૯ કરોડ ડોલરતી વધીને ૧૨૧ કરોડ ડોલર થઈ ગઈ છે. ૨૦૨૦ના મુકાબલે આ ચાર ગણા કરતાં વધારે છે. પરંતુ નિકાસકારોના સંગઠન 'ફિયો'નું કહેવું છે કે ભારતનો વિદેશ વેપાર ૮૦૦ અબજ ડોલરથી વધારેનો છે અને તેની સામે પાકિસ્તાનથી થનારો કારોબાર ૦.૦૬ ટકા પણ નથી, એટલે ક્યાંય ગણતરીમાં નથી આવતો.

ભારત આ વેપાર બંધ થવાનો ઝાટકો સહન કરી શકે છે, પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે પાકિસ્તાન માટે મોટી મુસીબત ઊભી થશે. જરૂરી ચીજોનો પૂરવઠો અટકી જશે, સાથે જ તેની અર્થવ્યવસ્થા પંગુ થઈ શકે છે. યાદ રહે, ભારતથી પાકિસ્તાનને ફળ, શાકભાજી, દવાઓ, ફાર્મા કેમિકલ્સ અને ખાંડ સૌથી વધારે નિકાસ થાય છે. તેના વિના કામ ચલાવવું તેના માટે બહુ મુશ્કેલ રહેશે. જોકે ફાર્મા ઉત્પાદન જીવનોપયોગી શ્રેણીમાં આવે છે અને એના પર હજુ સુધી રોક નથી લગાવાઈ. પરંતુ હાલત જેવી છે, તેમાં શું થશે તે કહેવું મુશ્કેલ છે. એ જ રીતે ભારતની હોસ્પિટલોમાં ઘણા પાકિસ્તાની દર્દી સારવાર માટે આવે છે અને આ સમયે પણ હશે. એમના જેવા ખબર નહીં કેટલાય દર્દીઓ માટે પણ જિંદગીની આશ તૂટી શકે છે. પાકિસ્તાનના જે સામાન્ય નાગરિકે તેની કિંમત ચૂકવવી પડશે, તેમની સાથે સહાનુભૂતિ રાખી શકાય છે, પરંતુ પહેલગામમાં જે માસૂમ લોકોએ જીવ ગુમાવ્યા છે, તેને પણ ભૂલી ન શકાય.

સૌથી મોટો સવાલ છે કે હવે આગળ શું થશે? સરકાર શું કરશે? શું યુદ્ધની નોબત આવી શકે છે? આ સવાલ એટલા માટે, કારણ કે યુદ્ધની એક કિંમત હોય છે, જે બંને પક્ષોએ ચૂકવવી પડે છે. ખાસ કરીને આજના સમયમાં કોઈ યુદ્ધ માત્ર એક પક્ષને મોંઘું નથી પડતું. પરંતુ ફરક એ વાતે પડે છે કે કોણે કેટલી કિંમત ચૂકવવી પડશે અને શું તે આ હાલતમાં છે કે યુદ્ધના આર્થિક આંચકાને પચાવી શકે? ખાસ કરીને આ સમયે આ સવાલ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આખી દુનિયામાં આર્થિક મંદીનો ખતરો તોળાઈ રહ્યો છે. ભારત જોકે બાકી દુનિયાના મુકાબલે તેજ વિકાસ દેખાડશે, પરંતુ અહીં પણ ચિંતાઓ તો છે. હાલમાં જ આઈએમએફ એ વર્લ્ડ બેંકે જીડીપી ગ્રોથનું અનુમાન ઘટાડ્યું છે. ૨૦૧૯માં જ એસએસઆરએન પર પ્રકાશિત એક રિસર્ચ પેપરમાં અનુમાન લગાવવામાં આવ્યું હતું કે દરેક યુદ્ધની ભારત અને પાકિસ્તાનના જીડીપી પર શી અસર થાય છે અને કેટલા સમયમાં તેની ભરપાઈ થઈ જાય છે. એ રિસર્ચ અનુસાર ૧૯૭૧ના યુદ્ધને કારણે ભારતના જીડીપીમાં ૦.૫ ટકાનો ઘટાડો આવ્યો, જ્યારે પાકિસ્તાનના જીડીપીમાં ૦૮૦ ટકાનો. એટલું જ નહીં, એ દરમ્યાન થયેલા નુક્સાન અને આર્થિક વિકાસમાં ઘટાડાની ભરપાઈમાં ભારતને છ વર્ષ લાગ્યાં, જ્યારે પાકિસ્તાનને સાડા આઠ વર્ષ. જોકે ૧૯૭૧નો માપદંડ આજના ભારતને લાગુ ન પડે, એ વાત પણ ધ્યાને લેવા જેવી ખરી. આ જ રિપોર્ટમાં એક આર્થિક મોડલ પર અનુમાન લગાવવામાં આવ્યું હતું કે જો ૨૦૧૯ કે ૨૦૨૫માં બંને દેશોમાં યુદ્ધ છેડાયું તો, તેની અર્થવ્યવસ્થા પર કેવી અસર પડશે? રિપોર્ટ અનુસાર ભારતનું નુક્સાન ૦.૬૫ ટકા અને પાકિસ્તાનને ૦.૯૫ ટકા નુક્સાન થવાનો અંદાજ અને યુદ્ધની કિંમત અને અસરની ભરપાઈમાં ભારતને ૭.૫ વર્ષ અને પાકિસ્તાનને ૧૦ વર્ષ લાગવાનું અનુમાન લગાવવામાં આવ્યું તું.

અહીં એ પણ યાદ કરવાની જરૂર છે કે ૧૯૭૧નું યુદ્ધ પહેલાં પાકિસ્તાન દક્ષિણ એશિયાનો સૌથી અમીર દેશ હતો, કારણ કે તેની પ્રતિ વ્યક્તિ આવક ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશ કરતાં વધારે હતી, પરંતુ એ યુદ્ધ બાદથી તેની હાલત સતત બગડતી ગઈ અને હાલમાં જ તે દેવાળિયું થતાં બચ્યું. માત્ર દોઢ વર્ષ પહેલાં પાકિસ્તાનમાં મોંઘવારી દર ૩૮.૫ ટકા પહોંચી ગયો હતો, જીડીપી વધવાને બદલે ઘટવા લાગી હતી અને વ્યાજ દર ૨૨ ટકા, એટલેકે આસમાને આંબી ગયો હતો. તેની પાસે માત્ર ૩૭૦ કરોડ ડોલરની વિદેશી મુદ્રા બચી હતી. આઈએમએફ, સઉદી અરબ, યુએઇ અને ચીનની મદદથી તે કોઈક રીતે બચવામાં સફળ રહ્યું. એવામાં ભારત સાથે લડાઈ વિશે વિચારવું પણ પાકિસ્તાન માટે પોતાના પગ પર કુહાડી મારવા જેવું હશે. તેમ છતાં જો તે આતંકવાદીઓને આશ્રય આપવાનું બંધ નથી કરતું, તો તેનો શો મતલબ કરવો?

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર
ડાઉનલોન કરવા
માટે ક્યુઆર
કોડ સ્કેન કરો

# આતંકીઓને વીણી વીણીને મારીશું : શાહ

### અમે ૯૦ના દાયકાથી કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ ઝીરો ટોલરેન્સની નીતિ પર મજબૂતીથી લડી રહ્યા છીએ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૧,** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પહલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓને ચેતવણી આપી છે કે, તેઓ એવું ન વિચારે કે યુદ્ધ જીતી લીધું છે.

પહલગામ આતંકી હુમલા બાદ પોતાની પહેલી સાર્વજનિક ટિપ્પણીમાં શાહે કહ્યું કે, "લડાઈ હજુ ખતમ નથી થઈ. તેમણે (આતંકવાદીઓએ) એવું ન વિચારવું જોઈએ કે, અમારા ૨૭ લોકો માર્યા બાદ તેમણે યુદ્ધ જીતી લીધું છે."

તેમણે કહ્યું કે, "જો કોઈ કાયરતાપૂર્ણ હુમલો કરવાનું વિચારે છે તો આ તેમની મોટી જીત છે, તો એક વાત સમજી લે, આ નરેન્દ્ર મોદીની સરકાર છે, કોઈને છોડશે નહીં. અમારો સંકલ્પ છે કે આ દેશના દરેક ખૂણામાંથી આતંકવાદને ઉખાડીને ફેંકી દઈશું. ન ફક્ત ૧૪૦ કરોડ ભારતીયો પણ આખી દુનિયા આ લડાઈમાં ભારત સાથે ઊભી છે."

અમિત શાહે આગળ કહ્યું કે, "દુનિયાના તમામ દેશો એકજૂટ થઈને ભારતના લોકો સાથે આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં ઊભા છે. હું આ સંકલ્પને ફરી રિપીટ કરવા માગું છું કે, જ્યાં સુધી આતંકવાદનો ખાતમો નહીં થાય, અમારી લડાઈ ચાલુ રહેશે અને જેમણે આ કામ કર્યું છે, તેમને નિશ્ચિતપણે યોગ્ય સજા આપવામાં આવશે."

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, "આજે હું જનતાને કહેવા માગું છું કે, અમે ૯૦ના દાયકાથી કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ ઝીરો ટોલરેન્સની નીતિ પર મજબૂતીથી લડી રહ્યા છીએ. આજે આતંકીઓએ એવું ન વિચારવું જોઈએ કે, તેમણે અમારા નાગરિકોના જીવ લઈને જંગ જીતી લીધો છે. હું એ તમામ લોકોને કહેવા માગું છું કે જે આતંક ફેલાવે છે, આ લડાઈનો અંત નથી, દરેક વ્યક્તિને જડબાતોડ જવાબ મળશે."

### NIAની FIRમાં પહલગામ હુમલા અંગે ખુલાસો

# પાકિસ્તાને જ આતંકવાદીઓને હથિયાર આપ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ૧

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા મુદ્દે મોટો ખુલાસો થયો છે. એફઆઈઆરમાં ખુલાસો થયો છે કે, આ હુમલામાં આતંકવાદીઓએ પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ કર્યો હતો. સરહદ પારથી હેન્ડલર્સે હુમલાને અંજામ આપ્યો હતો. એનઆઈએ હુમલાની યોજના ક્યાં ઘડવામાં આવી હતી, તેની તપાસ કરી રહી છે.

પહલગામ આતંકવાદી હુમલાની એફઆઈઆરમાં ઘણા મોટા ખુલાસા કરવામાં આવ્યા છે. જેમાં પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સે આ હુમલાનું ષડયંત્ર ઘડ્યું હતું. તેણે આતંકવાદીઓને ભારતમાં પહોંચાડવામાં મદદ કરી હતી. હેન્ડલર્સે આતંકવાદીઓને હથિયાર ઉપલબ્ધ કરાવ્યા હતા. આ હુમલામાં પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ થયો હતો. આ હુમલા બાદ કુલ આઠ કલમોમાં એફઆઈઆર નોંધાઈ છે. ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૧૦૩, ૧૦૯, ૬૧, ૭, ૨૭, ૧૬, ૧૮ અને ૨૦ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે.

પહલગામ આતંકી હુમલાની તપાસ એનઆઈએ કરી રહી છે. એનઆઈએના ચીફ બેસરન ખીણ પહોંચી હુમલાની તપાસ કરી રહ્યા છે. સ્થાનિકોના નિવેદનો લેવાઈ રહ્યા છે. તેમજ સંદિગ્ધોની પૂછપરછ પણ થઈ રહી છે.

આ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી છે. એકબાજુ પાકિસ્તાન વિશ્વ સમક્ષ ચિંતા વ્યક્ત કરી રહ્યું છે કે, ભારત ગમે-ત્યારે તેના પર યુદ્ધ કરશે. જ્યારે બીજી બાજુ પાકિસ્તાની સેના સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહી છે. તેણે ઉરી અને અખનૂર સહિતના વિસ્તારોમાં ગોળીબાર શરુ કર્યા છે. ભારતીય સેનાએ તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો.

એક મીડિયા રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પાકિસ્તાનની સેનાના હથિયારોનો ઉપયોગ અવારનવાર ભારત વિરુદ્ધ આતંક ફેલાવવા માટે થયો છે. જે પાકિસ્તાન આતંકવાદને સમર્થન અને પોષી રહ્યો હોવાની ખાતરી કરે છે. આતંકવાદી હુમલામાં આતંકીઓની તસવીરોમાં તેમની પાસે જોવા મળેલા હથિયારો પાકિસ્તાની સેનાના હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

# પાકિસ્તાની ભારતને ધમકી

### યુદ્ધ ક્યાં પુરું થશે તે અમે બતાવીશું

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા. ૧, પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ઘણો તણાવ જોવા મળ્યો છે. ભારતે પાકિસ્તાન સામે ઘણા કડક પગલાં લીધાં છે. આ દરમિયાન, પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ ભારતને ચેતવણી આપી છે.

પાકિસ્તાનના લશ્કરી પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ બુધવારે ભારતને ચેતવણી આપી હતી કે જો ભારત કોઈ હુમલો કરશે તો તેનો કડક અને સમજી-વિચારીને જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યું, "ભારત હુમલાનું સ્થળ નક્કી કરશે, પરંતુ તેનો અંત ક્યાં આવશે તે અમે નક્કી કરીશું." અહમદ શરીફ ચૌધરીએ ઈસ્લામાબાદમાં નાયબ વડાપ્રધાન અને વિદેશપ્રધાન ઈશાક ડાર સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં આ નિવેદન આપ્યું હતું.

# જવાનોનું મનોબળ ન તોડો : સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ૧, પહેલગામ આતંકવાદી હુમલા સંબંધિત અરજી પર સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. પહેલગામ હુમલા પર અરજી દાખલ કરનાર અરજદારને ઠપકો આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી અરજી દાખલ કરતા પહેલા મામલાની ગંભીરતા સમજવી જોઈતી હતી. આપણા દળોનું મનોબળ તોડશો નહીં. આ અરજીઓ માટે આ યોગ્ય સમય નથી. આ કેસમાં, ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એનકે સિંહની બેન્ચે અરજદારોને પૂછ્યું કે શું તેઓ સુરક્ષા દળોનું મનોબળ તોડવા માંગે છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી અરજી દાખલ કરતા પહેલા, મામલાની 'સંવેદનશીલતા' પર વિચાર કરવો જોઈતો હતો. ઉલ્લેખનીય છે કે પહેલગામ આતંકવાદી હુમલામાં વિદેશી પ્રવાસીઓ સહિત ૨૬ લોકો માર્યા ગયા હતા. આતંકવાદીઓએ બધાને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા.

# પહેલગામ આતંકવાદી હુમલામાં ચોંકાવનારા ખુલાસા

### આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા : સોશિયલ મીડિયામાં એક્ટિવેટ હતા : નિશાન પર અન્ય ત્રણ સ્થળ હતા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા. ૧,** ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસમાં ઘણા ખુલાસા થયા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, NIA ની તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા હતા. અને આ ઘટના બાદ આંતકવાદી સોશિયલ મીડિયામાં એક્ટિવેટ હતા અને તેમના બોસને દરેક વસ્તુની માહિતી આપી રહ્યા હતા.

પહેલગામ આતંકવાદી હુમલા બાદ નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે, ચાલી રહેલી તપાસમાં ખુલાસો થઈ રહ્યો છે કે ગ્રાઉન્ડ ઝીરો પર આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનમાં છુપાયેલા તેમના બોસને સંપૂર્ણ અપડેટ મોકલી રહ્યા હતા. આતંકવાદીઓ પાસે કેમેરા અને સેટેલાઈટ ફોન પણ હતા જેના દ્વારા તેઓ પાકિસ્તાન સાથે સીધા સંપર્કમાં હતા. તપાસ દરમિયાન, એવા દાવા કરવામાં આવી રહ્યા છે કે તેને પાકિસ્તાનમાં છુપાયેલા આતંકવાદીઓ દ્વારા પણ નિર્દેશિત કરવામાં આવી રહ્યો હતો.

NIAની તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ત્રૈછ ને આ આતંકવાદીઓને મદદ કરનારા લોકો પાસેથી એ પણ જાણવા મળ્યું છે કે પહેલગામ ઉપરાંત, આતંકવાદીઓના નિશાના પર ત્રણ વધુ સ્થળો હતા. ઘટના પહેલા ખીણમાં ત્રણ સેટેલાઈટ ફોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે હુમલાના બે દિવસ પહેલા આતંકવાદીઓ પહેલગામની બૈસરન ખીણમાં પહોંચી ગયા હતા.

આ આતંકવાદીઓએ એક સાથે ત્રણ વધુ સ્થળોની રેકી કરી હતી. પરંતુ તે ત્રણ સ્થળોએ કડક સુરક્ષાને કારણે આતંકવાદીઓ ત્યાં ઘટનાને અંજામ આપી શક્યા નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, પહેલગામ ઉપરાંત, અરુ ખીણ, એમ્યુઝમેન્ટ પાર્ક અને બેતાબ ખીણ પણ આતંકવાદીઓના નિશાના પર હતા.

સેટેલાઈટ ફોન, જેને 'સેટફોન' પણ કહેવાય છે, તે પરંપરાગત મોબાઈલ નેટવર્કને બદલે સીધા સેટેલાઈટ સાથે કનેક્ટ થઈને કામ કરે છે. તે એવા સ્થળોએ પણ વાતચીત કરવાની મંજૂરી આપે છે જ્યાં મોબાઈલ ટાવર નથી—જેમ કે મહાસાગરો, જંગલો, રણ અથવા યુદ્ધગ્રસ્ત વિસ્તારો. આતંકવાદીઓએ આ ફોનનો ઉપયોગ કર્યો હતો.

હાશિમ મુસા અગાઉ પાકિસ્તાનના અર્ધલશ્કરી દળમાં સામેલ હતો. બાદમાં તેને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યો. આ પછી તે ભારતમાં પ્રતિબંધિત સંગઠન લશ્કર-એ-તૈયબામાં જોડાયો. ભારતીય સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે મુસા પાકિસ્તાની સેનાના કહેવા પર લશ્કરમાં જોડાયો હતો.

# પહેલગામ મુદ્દે અમેરિકા ગુસ્સે

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા. ૧, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા અંગે અમેરિકા ખુલ્લેઆમ ભારતનું સમર્થન કરવા માટે બહાર આવ્યું છે. તેમણે પાકિસ્તાનને આ જઘન્ય હુમલાની તપાસમાં સંપૂર્ણ સહયોગ આપવા ભારપૂર્વક માંગ કરી છે. મોડી રાત્રે, અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે અલગ-અલગ વાતચીતમાં આતંકવાદ સામે અમેરિકાની સ્પષ્ટ નીતિ સ્પષ્ટ કરવામાં આવી હતી.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ આ મુશ્કેલ સમયમાં ભારતને અમેરિકાનો નજીકનો ભાગીદાર ગણાવ્યો અને આતંકવાદ સામેની લડાઈમાં બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સહયોગને વધુ મજબૂત બનાવવાની ખાતરી આપી. ઉપરાંત, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે ઉભું છે.

પાકિસ્તાન સાથેની વાતચીતમાં, રુબિયોએ ખૂબ જ કડક સ્વરમાં કહ્યું કે હુમલાની નિષ્પક્ષ તપાસ કરવી અને ગુનેગારોને સજા આપવી તે પાકિસ્તાનની જવાબદારી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથેની વાતચીતમાં, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે પાકિસ્તાને પહેલગામ હુમલાની તપાસમાં સહયોગ કરવો જોઈએ.

અમેરિકાએ વાટાઘાટોમાં બંને દેશોને પ્રાદેશિક શાંતિ જાળવવા હાકલ કરી અને ભારતીય વિદેશ પ્રધાન અને પાકિસ્તાની વડા પ્રધાન બંનેને દક્ષિણ એશિયામાં શાંતિ માટે એકબીજા સાથે વાત કરવા કહ્યું, પરંતુ ભારત સાથે એકતા વ્યક્ત કરી અને તપાસમાં પાકિસ્તાનના સહયોગની માંગ કરી. એ સ્પષ્ટ છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય હવે ભારતની સુરક્ષા ચિંતાઓને ગંભીરતાથી લઈ રહ્યો છે.

# આજથી 'એક રાજ્ય, એક ગ્રામીણ બેંક' યોજના લાગુ

### પ્રાદેશિક ગ્રામીણ બેંકો ૪૩થી ઘટાડીને ૨૮ કરાઈ : ગુજરાત સહિત ૧૧ રાજ્યોના ૨૬ બેંકોનું મર્જર

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા. ૧,** દેશભરમાં આજથી 'એક રાજ્ય, એક ગ્રામીણ બેંક' યોજના લાગુ કરી દેવાઈ છે. નાણા મંત્રાલયે આજે (૧ મે) કહ્યું છે કે, 'આજથી દેશભરમાં આ યોજના લાગુ કરી દેવાઈ છે.

અગાઉ ૭૦૦ જિલ્લામાં કાર્યરત ૪૩ આરઆરબી ઘટીને ૨૮ થશે. યોજના અંતર્ગત ૧૧ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોની ૨૬ પ્રાદેશિક ગ્રામીણ બેંકોને રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એકલ આરઆરબીમાં મર્જર કરી દેવાયું છે.

નાણાકીય સેવા વિભાગે (ડીએફએસ) કહ્યું કે, 'મર્જર બાદ ઈઈમ્બેંકોની સંખ્યા ૪૩થી ઘટીને ૨૮ થઈ ગઈ છે. આમ કરવાથી આરઆરબીના નાણાંકીય વ્યવહાર તેમજ પ્રદર્શનમાં સુધારો થશે. ડીએફએસએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'હવે કુલ ૨૮ પ્રાદેશિક ગ્રામીણ બેંકો હશે, જેમની ૭૦૦ જિલ્લામાં ૨૨૦૦૦થી વધુ શાખાઓ હશે.' બધી સંસ્થાઓની અધિકૃત મૂડી ૨,૦૦૦ કરોડ રૂપિયા હશે.

આ પ્રાદેશિક ગ્રામીણ બેંકોનું કરાયું મર્જર

આંધ્રપ્રદેશમાં ચૈતન્ય ગોદાવરી ગ્રામીણ બેંક, આંધ્ર પ્રગતિ ગ્રામીણ બેંક અને અન્ય RRBનું વિલીનીકરણ કરીને આંધ્રપ્રદેશ ગ્રામીણ બેંક બનાવવામાં આવશે.

ઉત્તર પ્રદેશમાં બરોડા યુપી બેંક, આર્યાવર્ત બેંક, પ્રથમા યુપી ગ્રામીણ બેંકનું વિલીનીકરણ કરીને ઉત્તર પ્રદેશ ગ્રામીણ બેંક બનાવવામાં આવશે, જેનું મુખ્ય મથક લખનૌમાં હશે.

પશ્ચિમ બંગાળમાં બંગીયા ગ્રામીણ વિકાસ બેંક, પશ્ચિમ બંગાળ ગ્રામીણ બેંક અને ઉત્તર બંગાળ RRBને મર્જ કરીને પશ્ચિમ બંગાળ ગ્રામીણ બેંક બનાવવામાં આવશે, જેનું મુખ્ય મથક કોલકાતામાં હશે.

ગુજરાત, બિહાર, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા અને રાજસ્થાનમાં બે-બે RRBને એકમાં મર્જ કરવામાં આવશે.

### WAVES સમિટનું લોકાર્પણ

# ભારતીય સિનેમાની સમગ્ર વિશ્વમાં ગુંજ: પીએમ મોદી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા. ૧,** ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગને વિશ્વમાં પ્રમોટ કરવા માટે વેઝ ૨૦૨૫ નામનો એક ખાસ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કોન્ફરન્સ મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ચાર દિવસ સુધી ચાલશે. તેનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વભરના ક્રિએટિવ લોકો, ઈન્વેસ્ટર, સ્ટાર્ટઅપ્સ અને ટૅક્નોલૉજી સાથે જોડાયેલા ઉદ્યોગસાહસિકો ભાગ લઈ રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે WAVESનો અર્થ છે - વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ. તેમણે કહ્યું કે, 'WAVES એ ફક્ત એક ટૂંકું નામ નથી. તે ખરેખર એક લહેર છે. સંસ્કૃતિ, ક્રિએટિવિટી અને દુનિયાને જોડનારી એક લહેર છે. આ લહેર પર ફિલ્મો, સંગીત, ગેમિંગ, નવીનતા અને વાર્તા કહેવાની છે. આજે ૧૦૦થી વધુ દેશોના કલાકારો, નવીનતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ અહીં એક છત નીચે ભેગા થયા છે. અમે પ્રતિભા અને રચનાત્મકતાના વૈશ્વિક ઈકોસિસ્ટમનો પાયો નાખી રહ્યા છીએ. WAVES એક વૈશ્વિક પ્લેટફોર્મ છે જે દરેક કલાકાર અને સર્જકનું છે.'

પીએમ મોદીએ કહ્યું-ભારતીય સિનેમા સમગ્ર વિશ્વમાં ગુંજતું રહે છે. આપણે બધાનું દિલ જીતવું પડશે. વિકસિત ભારત તરફની આપણી યાત્રા હવે શરુ થઈ રહી છે. પીએમ મોદીએ આગળ કહ્યું- સંગીત આપણા માટે એક સાધના છે. ભારતના દરેક ખૂણામાં પ્રતિભા છે.' પીએમ મોદીએ કહ્યું, આ સમય ભારતમાં ઑરેન્જ ઈકોનોમીના ઉદ્ભવનો છે. કન્ટેન્ટ, ક્રિએટિવિટી અને સંસ્કૃતિ - આ ત્રણેય આ ઑરેન્જ ઈકોનોમીના મજબૂત પાયા છે.' તેમણે કહ્યું, 'હવે ભારતીય ફિલ્મો વિશ્વના દરેક ખૂણા સુધી પહોંચી રહી છે. આજે આપણી ફિલ્મો ૧૦૦થી વધુ દેશોમાં રિલીઝ થાય છે. તેથી, હવે મોટી સંખ્યામાં વિદેશીઓ પણ સબટાઈટલ સાથે ભારતીય કન્ટેન્ટ જોઈ રહ્યા છે અને પસંદ કરી રહ્યા છે.'

# મુકેશ અંબાણી ફરી ૧૦૦ અબજ ડોલર ક્લબમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા. ૧

દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં સતત તેજી જોવા મળી રહી છે. છેલ્લા ૩-૪ દિવસોમાં તેના શેરના ભાવમાં ૮ ટકાનો વધારો થયો છે. તેનાથી કંપનીના ચેરમેન મુકેશ અંબાણીની નેટવર્થમાં પણ ઘણો વધારો થયો છે અને ફરી એક વાર તેઓ ૧૦૦ અબજ ડોલરની ક્લબમાં પ્રવેશી ગયા છે. ફોર્બ્સની રિયલ ટાઈમ બિલીયોનેર્સની યાદી અનુસાર મુકેશ અંબાણી નેટવર્થ ૧૦૬.૧ અબજ ડોલરના સ્તરે સ્પર્શી ગઈ છે. પાછલા શુક્રવારે બજાર બંધ થયા પછી તેણે પોતાના ત્રિમાસિક પરિણમો જારી કર્યા હતા. જે અપેક્ષા કરતા વધુ સારા હતા. તેના પછીનાસતત ત્રણ સત્રોમાં રિલાયન્સના શેરમાં વધારો થયો હતો. આ વર્ષે અત્યાર સુધીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૧૪.૭૯%નો વધારો થયો છે.

Friday 02, May 2025

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


# INS સુરત, હજીરા પોર્ટ પહોંચ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત, તા.૧

પહલગામ આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તણાવની સ્થિતિ વચ્ચે ભારતીય નૌકાદળની તાકાતનું પ્રતીક અત્યાધુનિક યુદ્ધ જહાજ INS સુરત આજે સુરતના હજીરા પોર્ટ ખાતે પહોંચ્યું છે. રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયા અને સુરતના કલેક્ટર દ્વારા આ યુદ્ધ જહાજનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગત ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુંબઈમાં આ જહાજનું લોકાર્પણ કર્યું હતું, જે આજે પ્રથમ વખત ગુજરાત પહોંચ્યું છે. INS સુરત આગામી બે દિવસ સુરતના હજીરા પોર્ટ ખાતે રહેશે. આ દરમિયાન આવતીકાલે પોલીસ અધિકારીઓ, NCC વિદ્યાર્થીઓ, વિવિધ અધિકારીઓને જહાજની અંદરની સુવિધાઓ અને તેની તાકાતથી પરિચિત કરવામાં આવશે. આ પગલું ખાસ કરીને વર્તમાન ભૌગોલિક-રાજનૈતિક તણાવની સ્થિતિમાં ભારતની નૌસૈનિક શક્તિનું પ્રદર્શન કરવા માટે લેવાયું છે.

હાલના સમયમાં ખાસ કરીને ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે INS સુરતનું ગુજરાતમાં આગમન એક મજબૂત સંદેશ છે. જેના પર ગત ૨૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ અરબી સમુદ્રમાં MR-SAM (મીડિયમ રેન્જ સરફેસ-ટુ-એર મિસાઈલ)નું સફળ પરીક્ષણ કરી, સમુદ્રમાં એક લક્ષ્યને ચોકસાઈપૂર્વક નષ્ટ કરાયું હતું. આ પરીક્ષણે ભારતની સ્વદેશી યુદ્ધજહાજ ડિઝાઈન, વિકાસ, અને સંચાલનની ક્ષમતાઓને ઉજાગર કરી છે. INS સુરતનું નામ ગુજરાતના ડાયમંડ સિટી સુરત પરથી રાખવામાં આવ્યું છે, જે પોતાના સમૃદ્ધ દરિયાઈ ઈતિહાસ અને જહાજનિર્માણના વારસા માટે જાણીતું છે. ૧૮૩૬માં બનેલું ભારતનું પ્રથમ લાઈટહાઉસ કેસ્ટ હજીરા લાઈટહાઉસ અને એશિયાટિક સિંહએ INS સુરતની શક્તિ, દીર્ઘાયુષ્ય અને દરિયાઈ રક્ષણનું પ્રતીક છે. નવેમ્બર ૨૦૨૩માં CM ભૂપેન્દ્ર પટેલે સુરતમાં આ જહાજના કેસ્ટનું અનાવરણ કર્યું હતું.

ઈન્ડિયન નેવીએ કોલકાતા ક્લાસ ડિસ્ટ્રોયર્સને અપગ્રેડ કરી તેનું નામ બદલીને વિશાખાપટ્ટનમ ક્લાસ ડિસ્ટ્રોયર રાખ્યું છે. આ પ્રોજેક્ટનું નામ P-15 બ્રાવો-ક્લાસ અથવા P15-B રાખવામાં આવ્યું હતું. INS સુરત ભારતીય નૌકાદળનું વિશાખાપટ્ટનમ-ક્લાસ (પ્રોજેક્ટ 15B)નું ચોથું અને અંતિમ સ્ટીલ્થ ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર છે, જે વિશ્વના સૌથી અદ્યતન યુદ્ધજહાજોમાંનું એક મનાય છે.

# ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ ૧૦ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧

પાસપોર્ટને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં આદેશ કરાયો કે, ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ દસ વર્ષ માટે પાસપોર્ટ રિન્યૂ થઈ શકે છે. ટ્રાયલ કોર્ટ દ્વારા વિદેશ જવા અંગેની શરતો લાદી શકાય છે. પરંતુ, પાસપોર્ટ વિભાગ પાસે આવી કોઈ સત્તા નથી.

ગુજરાત હાઈકોર્ટે બંધારણના અનુચ્છેદ ૨૧નું અવલોકન કરતા કહ્યું કે, વિશ્વમાં ક્યાંય પણ મુસાફરી કરવી એ બંધારણનો મૂળભૂત અધિકાર છે. આરોપીને ટ્રાયલ દરમિયાન કોર્ટ સમક્ષ હાજર કરવાની જવાબદારી આરોપી અને ટ્રાયલ કોર્ટ બંનેની છે. આરોપી સામે કેવા પ્રકારનો ક્રિમિનલ કેસ પેન્ડિંગ છે, તેના આધારે પાસપોર્ટ રિન્યુ કરવો કે નહીં તે અંગેનો નિર્ણય કરવાનો અધિકાર પાસપોર્ટ ઓફિસનો નથી. આ સિવાય હાઈકોર્ટે નોંધ્યું કે, કેન્દ્ર દ્વારા લાગુ કરવામાં આવેલા પાસપોર્ટ એક્ટ હેઠળના નિયમોનું અર્થઘટન કરવામાં આવે. નોંધનીય છે કે, અત્યાર સુધી કેન્દ્ર સરકારના જાહેરનામાંનું અર્થઘટન કરીને પાસપોર્ટ વિભાગ દ્વારા ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તેવા સંજોગોમાં માત્ર એક વર્ષ માટે જ પાસપોર્ટ રિન્યુ કરવામાં આવતો હતો. અરજદાર અદાલતમાં જાય તો ત્રણથી પાંચ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થતા હતાં. જોકે, હવે પહેલીવાર ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું કે, પાસપોર્ટ રિન્યુ દસ વર્ષ માટે થવો જોઈએ. આ પહેલાં ૧૯૭૮માં મેનકા ગાંધી કેસ વખતે સુપ્રીમ કોર્ટ દ્વારા પાસપોર્ટ વિભાગની જવાબદારી અને નિયમો વિશે જોગવાઈ કરવામાં આવી હતી. જ્યારે બંધારણના અનુચ્છેદ ૨૧ને ધ્યાને રાખી પાસપોર્ટ વિભાગને સામેની વ્યક્તિને સાંભળ્યા વિના કે, યોગ્ય કારણ જણાવ્યા વિના પાસપોર્ટ રદ ન કરવાનું જણાવ્યું હતું. તે સમયે અદાલતે વિદેશ જવું તે ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા હેઠળ મૂકી પાસપોર્ટ વિભાગને આદેશ આપ્યો હતો. ત્યાર બાદ પાસપોર્ટ વિભાગને લઈને આ મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે.


UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Department of Land Acquisition- Dadra and Nagar Haveli

NOTICE

Purpose: Appraisal Report U/s 7 of the RFCTLARR Act, 2013 for the Development of Industrial Estate at Village Velugam.

Village: Velugam.

Note: Details can be downloaded from: https://get-qr.com/6b9fcea6-177a-4504-a9b0-12b1fa24ea81 or by scanning the QR code.

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

NO.: IP/DMN/2/5/2025-26/397 DATED : 01/05/2025



મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા તા.કપરાડા જી.વલસાડ

સંપર્ક નંબરઃ૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦ Email-mam.kaprada@gujarat.gov.in

નં.એમએજી./મરણ/કેસ.નં.૫૬૬/૨૦૨૫ તા.૦૧/૦૫/૨૦૨૫

જાહેર નોટીસ

વાદીઃ- શ્રી જયમીનભાઈ ધીરૂભાઈ પટેલ, રહે. બાલચોઢી, તા.કપરાડા, જી.વલસાડ

વિરૂધ્ધ

પ્રતિવાદીઃ- તલાટી કમ મંત્રીશ્રી બાલચોઢી

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **જયમીનભાઈ ધીરૂભાઈ પટેલના** માતા **રમીલાબેન ધીરૂભાઈ પટેલ**નું મરણ તા.૧૧/૦૨/૨૦૦૫નાં રોજ બાલચોઢી તા.કપરાડા ખાતે થયેલ છે. અને તેઓના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા



મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૧૩/૨૦૨૪

અરજદાર : જીતાલી વશીમ જાદવ
ડહેલી, જીવનજી શોરૂમની સામે,
રહે. ભીડાલ તા.ઉમરગામ,

વિરુધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી
ગ્રામ પંચાયત કચેરી, ડહેલી
તા.ઉમરગામ, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જીતાલી વશીમ જાદવ** રહે. ડહેલી તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી **ત્રીશા વસીમ જાદવનું** જન્મ તા.૦૩-૦૯-૧૯ના રોજ મોજે - ડહેલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૧૩/૨૦૨૫
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ



## મુંબઈ સેન્ટ્રલ - કટિહાર સ્પેશિયલ ટ્રેનની ફેરાનું વિસ્તરણ

| ટ્રેન નં. | પ્રારંભ અને ગંતવ્ય સ્ટેશન | દોડાવાના દિવસો | સુધી લંબાવાશે |
|---|---|---|---|
| ૦૯૧૮૯ | મુંબઈ સેન્ટ્રલ - કટિહાર (અઠવાડિક) | શનિવાર | ૩૧.૦૫.૨૦૨૫ |
| ૦૯૧૯૦ | કટિહાર -મુંબઈ સેન્ટ્રલ (અઠવાડિક) | મંગળવાર | ૦૩.૦૬.૨૦૨૫ |

સમય,રોકાણો અને કમ્પોઝિશન સબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી.

ટ્રેન નં. ૦૯૧૮૯ બુકિંગ તા.૦૨-૦૫-૨૦૨૫થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડાથી સ્પેશિયલ ટ્રેનોરૂપે દોડાવવામાં આવશે.

પશ્ચિમ રેલ્વે

www.wr.indianrailways.gov.in

અમને લાઈક કરો facebook.com/WesternRly

અમને ફોલો કરો X.com/WesternRly

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો



**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી**

નેશનલ હાઈવે નં.૪૮, કિલ્લા પારડી જી.વલસાડ

અમારી સંસ્થાનો સબયાર્ડ મોટાવાઘછીપા તથા સબયાર્ડ રોહિણા જી.એસ.બી. હાર્ડ મોરમ નાંખવાનું હોય તો રસ ધરાવતા કોન્ટ્રાક્ટરોએ દિન-૫ ભાવ પત્રક મોકલી આપવા. કામની વિગત નીચેના સરનામેથી મળશે.
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી
નેશનલ હાઈવે નં.૪૮, કિલ્લા પારડી જી.વલસાડ
નોંધ :- મંજૂર/ના મંજૂર કરવાની સત્તા કમિટિની રહેશે.

લિ. જયવદનભાઈ એમ. પટેલ
સેક્રેટરી



લગ્ન પ્રસંગ નિમિત્તે ડિસ્કાઉન્ટ ધમાકા

મયુર ફુટવેર

તારીખ 30/1/૨૫ સુધી

ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો

જેન્ટસમાં • કેમ્પસ • લખાની સ્પોર્ટ, ફેન્સી શુઝ પર 5% ડિસ્કાઉન્ટ

MAYUR FOOTWEAR

લેડીઝમાં ડાયમંડ વાળી મોજડી, ચંપલ, સેન્ડલ, Dr. ચંપલ સેન્ડલ પર પણ ડીસ્કાઉન્ટ લાઈટ શુઝ

Paragon Bata Lakhani campus

સેફ્ટી શુઝ, સ્કુલ શુઝ હોલસેલ ભાવે મળશે

શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો.:9824254361



Sale•Sale•Sale•Sale•Sale•Sale•Sale

જેન્ટસ શુઝ કોઈપણ વેરાયટી 400

PARMAR SHOE COLLECTION

લેડીઝ ચંપલ કોઈપણ વેરાયટી 300




કાપડીયા કોમ્પ્લેક્ષ, હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ.

Sale•Sale•Sale•Sale•Sale•Sale•Sale



દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ

શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-

The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon

LORD'S MEN'S WEAR

એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬


નરેન્દ્ર મોદીએ ગુજરાતીમાં ટ્વિટ શુભકામના આપી

# ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા. ૧, ૧ મેના રોજ દુનિયાભરના લોકો આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસ મનાવે છે. પરંતુ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના લોકો માટે આ દિવસ ખૂબ વિશેષ માનવામાં આવે છે. કારણ કે, આ જ દિવસે આજથી ૬૫ વર્ષ પહેલાં બંને રાજ્યોની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત સ્થાપના દિવસ પર રાજ્યભરમાં ઉજવણી કરવામાં આવે છે.

ગુજરાતના સ્થાપના દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગુજરાતીમાં ટ્વિટ કરીને ગુજરાતની જનતાને શુભકામનાઓ આપી છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, "ગુજરાત સ્થાપના દિવસના આ ગૌરવપૂર્ણ અવસરે રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામનાઓ! ગુજરાતે, તેની આગવી સંસ્કૃતિ, ઉદ્યોગસાહસિકતાની ભાવના અને ગતિશીલતાને કારણે એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે અને, રાજ્યના નાગરિકોએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કર્યું છે. રાજ્ય પ્રગતિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરતું રહે એ જ અભ્યર્થના."

તો વળી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ગુજરાત સ્થાપના દિવસ પર એક્સ પર પોસ્ટ લખીને રાજ્યની જનતાને શુભકામના આપી છે. તેમણે લખ્યું છે કે, વૈવિધ્યસભર કુદરતી સંપદા, ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો અને આતિથ્ય માટે પ્રસિદ્ધ ગુજરાતના સૌ બહેનો અને ભાઈઓને ગુજરાત દિવસની અનેકાનેક શુભેચ્છાઓ. ગુજરાતે હંમેશા પોતાની પ્રતિભા, પરિશ્રમ તેમજ વ્યવહારુ કુશળતા થી વિશ્વભરના લોકોને આકર્ષિત કર્યા છે. ભક્તિ ચળવળથી લઈને સ્વતંત્રતા ચળવળ અને આધુનિક સમય સુધી રાષ્ટ્ર નિર્માણમાં અગ્રણી યોગદાન આપનારા ગુજરાતના લોકોની સતત પ્રગતિ અને ઉન્નતિ માટે દાદા સોમનાથને પ્રાર્થના કરું છું.

આ તરફ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતની જનતાને શુભકામના આપતો સંદેશો આપ્યો છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ – 'ગુજરાત ગૌરવ દિવસ' ની સૌ ગુજરાતીઓને ખૂબ ખૂબ શુભકામનાઓ. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામજી કૃષ્ણ વર્મા, રવિશંકર મહારાજ, ઈન્દુચાચા અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા લોકસેવકોની પૂણ્યભૂમિ એટલે ગુજરાત. ગુજરાતની યશગાથા અને સમૃદ્ધ વિરાસતમાં દરેક ગુજરાતીનું યોગદાન છે. ગુજરાતના ઘડતરમાં યોગદાન આપનાર નામી-અનામી સૌ ગરવી ગુજરાતીઓના સ્મરણનો આ દિવસ છે. આ વર્ષનો ગુજરાત ગૌરવ દિવસ આપણા માટે પથદર્શક છે. એક દાયકા પછી ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાનો હીરક મહોત્સવ આપણે ઉજવવાના છીએ. ૨૦૨૫ થી ૨૦૩૫ના આ આખાય દાયકાને "ઉત્કર્ષ ગુજરાત હીરક મહોત્સવ" તરીકે ઉજવવાનો રોડમેપ આપણે તૈયાર કર્યો છે. આ હીરક મહોત્સવ ગુજરાતીઓના સન્માન સાથે સમૃદ્ધ ઈતિહાસ તથા સાંસ્કૃતિક મૂલ્યોની ઉજવણીનો જનઉત્સવ બનવાનો છે. માનનીય મોદીજીના માર્ગદર્શનમાં ગુજરાત દેશનું રોલ મોડલ અને ગ્રોથ એન્જિન બન્યું છે.

હવે, તેઓના દિશાદર્શનમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનો આપણો નિર્ધાર છે. સૌ ગુજરાતીઓના સહિયારા પુરુષાર્થ અને જનચેતનાથી આપણે ગુજરાતને વિકાસના સર્વોચ્ચ શિખરે પહોંચાડીશું. જય જય ગરવી ગુજરાત.

કચ્છમાં ઉનાળામાં વહી અવળી ગંગા

# કચ્છમાં શાકભાજીના ભાવો ઘટયા!

(સંપૂર્ણ સમાચાર સેવા)
કચ્છ, તા.૧ હાલમાં ઉનાળામાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે ધોમધખતા તાપ વચ્ચે પણ લીલા શાકભાજીની આવકમાં સારા એવા પ્રમાણમાં વધારો થવા પામ્યો છે. જેના લીધી હોલસેલ શાકમાર્કેટમાં લીલા શાકભાજીના ભાવમાં રૂ. ૫થી લઈને રૂ. ૫૦ સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે. જોકે, આ ભાવ ઘટાડાનો લાભ રિટેઈલમાં ખરીદી કરતાં ગ્રાહકોને પણ થોડા ઘણે અંશે મળી રહ્યો છે. અમુક શાકભાજી માર્કેટમાં હાલ સસ્તા થઈ ગયા છે, જે શાકભાજીનાં શિયાળામાં પણ વધુ ભાવો બોલાતા હતા. તમામ શાકભાજીના ભાવમાં થયો ઘટાડો

હાલ ડુંગળી હોલસેલમાં રૂ. ૫ની કિલો, બટાકા રૂ. ૧૨ના કિલો, ટામેટા રૂ. ૫ના કિલો અને મરચા રૂ. ૧૦ના કિલો લેખે ભાવ બોલાઈ રહ્યા છે. જ્યારે રિટેઈલમાં મરચાના ૪૦, બટાકાના ૨૫, ડુગળીના ૨૦થી ૩૦ના ભાવે વેચાણ થઈ રહ્યું છે. ભુજ એપીએમસીની હોલેસેલ શાકમાર્કેટમાં બોલાયેલા ભાવો ઉપર નજર કરવામાં આવે તો મુખ્યત્વે ડુંગળીના રૂ. ૫, બટેકાના રૂ. ૧૨, ટામેટાના રૂ. ૫, લીલી ડુંગળીના રૂ. ૩, મરચાના રૂ. ૧૦, મરચીના રૂ. ૧૫, રિંગણા-કારાનાં રૂ. ૪, રિંગણા-બાજરિયાના રૂ. ૩, કોબી દેશીના રૂ. ૪, કોબીના રૂ. ૪, ફુલાવરના રૂ. ૨૦, ફુલાવર દેશીના રૂ. ૨૦, વટાણાનાં રૂ. ૬૦, ધાણાના રૂ. ૧૫, ભીંડાના રૂ. ૧૦, કાકડી કાળીના રૂ. ૧૦, કાકડી સફેદના રૂ. ૧૦, કાકડી ખીરાનાં રૂ. ૨૦ પ્રતિ કિલોના ભાવે વેચાણ થયુ હતું.

આ સિવાય પાલકના રૂ. ૧૦ સૂકા લસણના રૂ. ૫૦ લીંબુના રૂ. ૩૦, પિતાઈ ગાજર-કેશરીના રૂ. ૧૦, દૂધીના રૂ. ૨, આદુના રૂ. ૩૦, કારેલાના રૂ. ૩૦ સકરિયાના રૂ. ૨૫ ચોળા ડોલરના રૂ. ૩૫, ટીંડોળાનાં રૂ. ૨૦, મરચા સીમલાના રૂ. ૨૦, ગુવાર દેશીના રૂ. ૮૦, ગુવાર રૂ. ૩૦, ગીસોડા રૂ. ૧૦ પરવળના રૂ. ૩૦, સરગવાનાં રૂ. ૧૫ ણસીનાં રૂ. ૫૦, બીટનાં રૂ. ૫, કેળા કાચાનાં રૂ. ૧૦ના પ્રતિ કિલોના ભાવ બોલાયા હતા. જોકે, હોલેસેલમાં શાકભાજીના ભાવોમાં ઘટાડાને પગલે રિટેઈલનાં વેચાણ ઉપર પણ તેની અસર જોવા મળે તે સ્વાભાવિક છે. પરિણામે હાલે રિટેઈલમાં ટમેટા, કાકડી, કોબી, ભીંડા, ગુવાર સહિતનાં શાકભાજી સસ્તા થઈ ગયા છે.

ભુજની હોલેસેલ શાકમાર્કેટમાં હાલે ફ્રુટનાં ભાવોમાં પણ ઘટાડો નોંધાઈ રહ્યો છે. અહીં કેળા પાકાનું રૂ. ૨૦ કિલોના ભાવે વેચાણ થઈ રહ્યું છે. જ્યારે કાચા પપૈયાનાં રૂ. ૪ અને પાકા પપૈયાનાં રૂ. ૧૦, જામફળનાં રૂ. ૧૦, ચીકુનાં રૂ. ૧૦, સકરટેટીનાં રૂ. ૧૦, કાચી કેરીનાં રૂ. ૧૦ અને પાકી કેરીનાં રૂ. ૪૦, ગલકાનાં રૂ. ૨૦, કેસર કેરીનાં રૂ. ૮૦, રાજાપુરી કેરીનાં રૂ. ૪૦, દાડમનું રૂ. ૨૦ના ભાવે વેચાણ થઈ રહ્યું છે. જેના હાલે રિટેઈલ માર્કેટમાં રૂ. ૪૦થી લઇને રૂ. ૧૨૦ જેટલા ભાવો વસૂલવામાં આવી રહ્યા છે.


CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM DHARMISTHABEN GOVANBHAI TANDEL & DHARMISTHA GOVIN TO DHARMISTHA VIJAY ADDRESS: 14/31, HANS BHAVAN, SARVODAYA SOCIETY, TIN BATTI, NANI DAMAN -396210.



CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM DHARMISTHABEN GOVANBHAI TANDEL TO DHARMISTHA GOVIN ADDRESS: 14/31, HANS BHAVAN, SARVODAYA SOCIETY, TIN BATTI, NANI DAMAN -396210.



નામ બદલેલ છે.

મારું જૂનું નામ કિરણ રણજીતકુમાર અને કિરણ મિસ્ત્રી હતું જે નામ બદલીને નવું નામ કિરણ સુથાર રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.

લિ.: કિરણ સુથાર

સરનામું : સી-૭૦૧, પ્રમુખ હિલ્સ કો.ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, છરવાડા રોડ, વાપી, વલસાડ, ગુજરાત- ૩૯૬૧૯૧



**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી**

નેશનલ હાઈવે નં.૪૮, કિલ્લા પારડી જી.વલસાડ

**હંગામી (સીઝન માટે) સ્ટાફ જોઈએ છે.**

અમારી સંસ્થામાં મુખ્યયાર્ડ તતા સબયાર્ડો માટે ગેટપાસની કામગીરી કરવાની હોય ઈચ્છુક વ્યક્તિએ અરજી કરવી.

લિ. જયવદનભાઈ એમ. પટેલ
સેક્રેટરી



पावरग्रिड POWERGRID

૧. સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી કમિશન (ટેરીફ રેગ્યુલેશન માટેની શરતો અને ધોરણો) સાથે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલારીટી કમિશન (કંડકટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન, ૨૦૨૩ ના રેગ્યુલેશન ૨૩ તથા રેગ્યુલેશન ૧૫ (૧) (એ) હેઠળ વાંચતા અને ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ ના સેક્શન ૭૯ (૧) (ડી) સાથે વાંચતા સેક્સન ૬૨ હેઠળ દરો નક્કી કરવા માટે અરજી ૧ : પશ્ચિમ ક્ષેત્રમાં માપુસા ટ્રાન્સમિશન સિસ્ટમ અરજી ૨ – પશ્ચિમ ક્ષેત્રમાં વિંધ્યાચલ સ્ટેજ – ૨ ટ્રાન્સમિશન સિસ્ટમ અરજી ૩ : પશ્ચિમ ક્ષેત્રમાં ગાંધાર ગેસ પાવર સ્ટેશન સ્ટેજ એક સાથે સંલગ્ન ટ્રાન્સમિશન સિસ્ટમ

૨. ઉપરોક્ત ટ્રાન્સમિશન સિસ્ટમના લાભાર્થીઓ છે : (૧) મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ કંપની લિમિટેડ, જબલપુર (૨) છત્તીસગઢ સ્ટેટ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ, રાયપુર (૩) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ., વડોદરા, (૪) વીજળી વિભાગ, ગોવા સરકાર, ઈલેક્ટ્રીક, પણજી, (૫) મહારાષ્ટ્ર, મહારાષ્ટ્ર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ. પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ, સિલ્વાસા.

૩. દરોની વિગતો :

એ) ૨૦૧૯-૨૪ના બ્લોક (રૂા.લાખમાં)

| અરજી નં. | એસેટની વિગત | ડીઓસીઓ/ ઈસીઓડી | તા.૩૧-૦૩-૨૦૨૪ના પૂર્ણતાની કિંમત | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ટુઈંગ અપ ઉપર આધારિત રીવાઈઝડ એએફસી | | | | |
| અરજી -૧ | સંયુક્ત એસેટ | 01.01.2003 | 14989.35 | 1796.70 | 1788.38 | 1798.03 | 2107.36 | 2404.11 |
| અરજી -૨ | સંયુક્ત એસેટ | 01.04.2000 | 63097.36 | 4208.83 | 4197.08 | 4186.90 | 4186.02 | 4255.42 |
| અરજી -૩ | સંયુક્ત એસેટ | 08.07.1996 | 24481.61 | 3330.67 | 3359.38 | 3394.48 | 3440.50 | 3549.65 |

બી) ૨૦૨૪-૨૯ના બ્લોક

| અરજી નં. | એસેટની વિગત | ડીઓસીઓ/ ઈસીઓડી | તા.૩૧-૦૩-૨૦૨૯ના પૂર્ણતાની કિંમત | 2024-25 | 2025-26 | 2026-27 | 2027-28 | 2028-29 |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એએફસી | | | | |
| અરજી -૧ | સંયુક્ત એસેટ | 01.01.2003 | 15773.97 | 2175.37 | 2225.38 | 2288.30 | 2329.23 | 2348.13 |
| અરજી -૨ | સંયુક્ત એસેટ | 01.04.2000 | 65001.43 | 4014.65 | 4174.74 | 4563.41 | 4900.87 | 5027.30 |
| અરજી -૩ | સંયુક્ત એસેટ | 08.07.1996 | 27121.06 | 3640.33 | 3932.80 | 4078.02 | 4230.05 | 4314.27 |

૪. દરો નિર્ધારીત કરવા માટે કરાયેલી અરજીની નકલ અરજદારની વેબસાઈટ www.powergrid.in પર મુકવામાં આવી છે.

૫. જો દરો નિર્ધારીત કરવાની દરખાસ્ત માટેની અરજી અંગે લાભાર્થીઓ સહિત કોઈપણ વ્યક્તિને જો કોઈ સૂચનો કે વાંધો હોય તો એ સેક્રેટરી, સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન, છઠ્ઠો, સાતમો, આઠમો માળ, ટાવર-બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી - ૧૧૦૦૨૯ (અથવા કમિશનની કચેરી જ્યાં સ્થિત હોય એ અન્ય સરનામે) અરજદારને એની એક નકલ સાથે તેની કોર્પોરેટ ઓફિસના સરનામે આ નોટિસના પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસમાં મોકલી અરજી કરી શકે છે.

સ્થળ: ગુરગાંવ
તારીખ: ૨૫.૦૪.૨૦૨૫

સહી/-
ચીફ જનરલ મેનેજર (કોમર્શિયલ)

પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લીમીટેડ
(ભારત સરકારનું સાહસ)
કોર્પો. ઓફિસ: "સૌદામિની" પ્લોટ નં.૨, સેક્ટર-૨૯, ગુરગ્રામ-૧૨૨૦૦૧, (હરિયાણા)
રજી. ઓફિસ: બી-૯, કુતુબ ઈન્સ્ટીટ્યુશનલ એરીયા, કટવારીયા સરઈ, નવી દિલ્હી- ૧૧૦૦૧૬
www.powergrid.in, CIN : L40101DL1989GOI038121

મહારત્ન પીએસયુ

PG/CC/Notice-223/Advt-289/2025-26 R K SWAMY LIMITED





Jai Jalaram Bapa

Septic Tank Cleaner

ખાળ કુવાની સફાઈ

खार कुवे की सफाई

TANKER CAPACITY 8000 LITER

WATER JETTING, AIR BLOWING, VACUUMING

પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.

આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.

Contact: 99046 44348, 98247 28200

Friday 02, May 2025

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

VIMAL ENTERPRISE

શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!



આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે

Mo. 9374135780

CONTACT:RAMBHAI KUSHWAHA.

Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001

## ગણદેવીમાં બે કાર -રીક્ષા અકસ્માત : ૫ ઘાયલ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૧ :** ગણદેવી સુગર ફેકટરીની સામે પોલીસ મથક નજીક ગુરુવાર સાંજે અવસર વીલામાંથી મુખ્ય માર્ગ ઉપર પુરપાટ ઝડપે આવતી એસયુવી કાર એ મુખ્ય માર્ગ ઉપર દોડતી સ્વીફટ કાર ને ટક્કર મારી હતી. દરમ્યાન એક રીક્ષા પણ અડફેટે ચઢી હતી. બે મહિલા સહિત પાંચ ને સારવાર માટે લઈ જવાયા હતાં.

ગણદેવી અવસર વીલા માંથી ગણદેવી-નવસારી મુખ્ય માર્ગ ઉપર પુરપાટ ઝડપે આવતી એસયુવી કાર નં. જીજે ૨૧ એએ ૮૧૩૯ના ચાલક સુજીત ગંગાપ્રસાદ તિવારી(૩૦) રહે. સંસ્કારધામ સોસાયટી, ગણદેવી એ મુખ્ય માર્ગ ઉપર દોડતી સ્વીફટ કાર જીજે ૨૧ સી સી ૬૧૮૫ ને ધડાકાભેર ટક્કર મારી હતી. ધડાકાભેર ટકકરને બંને કાર ની દિશા બદલાઈ ગઈ હતી. તે વેળા માર્ગ ઉપર દોડતી રીક્ષા નં.જીજે ૨૧ ડબ્લ્યુ ૧૬૯૯ પણ અકસ્માત ગ્રસ્ત થઈ હતી. સ્વીફટ કાર ને વ્યાપક નુકશાન થયું હતું. સ્વીફટ કાર માં સવાર ધ્રુવીલ બિપીન પટેલ(૧૬), બિપીન ડાહ્યાભાઈ પટેલ(૪૬), નલીનીબેન બીપીનભાઈ પટેલ(૪૧) અને વીર બીપીનભાઈ પટેલ (૧૧) તમામ રહે. વેગામ તા. ગણદેવી અને રીક્ષા માં સવાર ખેરગામ ના માજી સરપંચ ભાવીની હેમંતભાઈ ભંડારી (૩૨)ને ઈજા પહોંચી હતી. તમામને નજીક ની દમણીયા હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બીજી તરફ પોલીસે મુખ્ય માર્ગ ઉપર અકસ્માતગ્રસ્ત વાહનો હટાવી ટ્રાફિક સુચારુ કર્યો હતો. દરમ્યાન ગુરુવાર મોડી સાંજ સુધી સમગ્ર મામલે કોઇ પોલીસ ફરીયાદ નોંધાઈ ન હતી.

### ઓડિશા ફ્રેન્ડસ કલબ દ્વારા

## દમણમાં પહેલગામના મૃતકોને શ્રધ્ધાંજલિ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૦૧ :** ઓડિશા મિત્ર મંડળ, દમણ દ્વારા મશાલ ચોક ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાશ્મીરના પહેલગામમાં માર્યા ગયેલા પ્રવાસીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. દીપ પ્રગટાવીને, મૃતકોના આત્માઓની શાંતિ અને ઘટના દરમિયાન ઘાયલ થયેલા પ્રવાસીઓના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરવામાં આવી હતી, અને સરકારને આતંકવાદીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. ઓડિશા મિત્ર મંડળના સભ્યોએ આતંકવાદ બંધ કરવા માટે સૂત્રોચ્ચાર કર્યા હતાં.

આ દરમિયાન ઓડિશા મિત્ર મંડળે મફત છાશ વિતરણનું આયોજન કર્યું. આ પહેલનો હેતુ મુસાફરોને રાહત અને આરામ આપવાનો છે. ઓડિશા મિત્ર મંડળ છેલ્લા ૫-૬ વર્ષથી દમણના સ્થાનિક વિસ્તારમાં સામાજિક કાર્યમાં પણ રોકાયેલું છે. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત અને બે મિનિટના મૌન સાથે થયું. આ કાર્યક્રમનું સંચાલન ઓડિશા મિત્ર મંડળના પ્રમુખ નયન પાધીએ કર્યું હતું અને તમામ સક્રિય સભ્યો અને અનેક મહાનુભાવો હાજર રહ્યા હતાં.

## ધરમપુરમાં શહેર કોંગ્રેસ પ્રમુખ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર** ધરમપુર મેરેજ હોલ ખાતે ડો. બાબા સાહેબ આંબેડકર જયંતિના ભાગરૂપે યોજાયેલ ભાજપના યુવા સંમેલન કાર્યક્રમમાં પુર્વ શહેર કોગ્રેસ ના પ્રમુખ મુકેશભાઈ આહીર પોતાનાં સાથીદારો સાથે ભાજપમાં જોડાયા હતાં.

ધરમપુરમાં યોજાયેલા ભાજપના યુવા સંમેલનના કાર્યક્રમમાં ધરમપુર શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ આહીર પોતાનાં સાથીદારો સાથે ભાજપમાં જોડાયા હતાં. મુકેશભાઈ ને વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, ધારાસભ્ય અરવિંદભાઈ પટેલનાં હસ્તે ભાજપનો ખેસ પહેરાવી આવકાર આપ્યો હતો. યોજાયેલ કાર્યક્રમમાં ભાજપ સંગઠનના હોદ્દેદારો તાલુકા પંચાયતના સભ્યો નગરપાલિકાના સભ્યો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## અતુલ ઓવરબ્રીજ પાસે ત્રિપલ અકસ્માત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૧ :** આજે સવારે અતુલના મુકુંદ હાઈવે ઓવરબ્રીજ નેશનલ હાઈવે પર કાર ચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવતી ત્રણ કાર એક બાદ એક અથડાતા ટ્રિપલ અકસ્માતની ઘટના બનતા અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી જતા ટ્રાફિક જામ સમસ્યા સર્જાઇ હતી. અકસ્માતની ઘટનાની જાણ થતા વલસાડ રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ હાઈવે રોડ ખુલ્લો કરાવ્યો હતો.

વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ વાહનોથી રાત દિવસ ધમધમે છે. જોકે આ નેશનલ હાઈવે ૪૮ પર અવાર નવાર નાના મોટા અકસ્માતો રોજે રોજ બની રહ્યા છે. ત્યારે આજરોજ સવારે વલસાડ નજીક અતુલ મુકુંદ હાઈવે ઓવરબ્રીજ નેશનલ હાઈવે નંબર ૪૮ પર અમદાવાદ થી મુંબઈ જતા હાઈવે રોડ પર એક કાર ચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવતી અન્ય ત્રણ કાર એક બાદ એક અથડાવાની ઘટના બની હતી. વારાફરથી ત્રણ કારોના અકસ્માત થતાં અતુલ મુકુંદ ઓવરબ્રિજ હાઈવે પર વાહનોને લાંબી કતારો લાગી ગઈ હતી. હાઈવે પર ટ્રિપલ અકસ્માતની ઘટના બનવા તેમ છતાં કારમાં સવાર તમામ લોકોનો ચમત્કારિક બચાવો થયો હતો. ઘટનાના જાણ થતા વલસાડ રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી અકસ્માત થયેલા વાહનોને સાઈડ પર કરાવી વાહન વ્યવહાર ખુલ્લો કર્યો હતો.

## ડાંગનાં ગાયગોઠણમાં જૂની ચલણી નોટનાં બદલે ૫ લાખની લાલચે છેતરપિંડી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૧ :** ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં ગાયગોઠણ ગામ ખાતે એક યુવકે ફેસબુક પર વિડિયો જોયો હતો.જેમાં ૧ રૂપિયાની જૂની ચલણી નોટોના બદલે ૫ લાખ રૂપિયામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.જે બાદ યુવક આ લાલચમાં આવી ગયો હતો અને ફેસબુક પર આપેલ મોબાઈલ પર સંપર્ક કર્યો હતો. પરંતુ અજાણ્યા ઈસમોએ તેમની પાસેથી ૩૭ હજાર રૂપિયા કરતા પણ વધારે રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લઈ છેતરપિંડી કરી હતી. ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના ગાયગોઠણ ગામ ખાતે રહેતા જિતેશ જીવુભાઈ ઠાળકર (ઉ. વ.૨૨) એ મોબાઈલમાં ફેસબુક એપ પર એક રિલ જોઈ હતી જેમાં એક જાહેરાત આવેલ જેમા વોઈસ મેસેજથી કોઈ વ્યક્તિ એમ બોલી રહ્યો હતો કે, એક રૂપિયાની જુની નોટનાં બદલામાં પાંચ લાખ રૂપિયા આપવામાં આવશે તેમ બોલી નીચે આપેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરશો એમ જણાવેલ હતું. ત્યાર બાદ યુવકે ફોન કરેલ તો તે વ્યક્તિએ યુવકને હિન્દીમાં વાત કરી કહેલ કે, તમારી પાસે એક રૂપિયાની જુની નોટ હોય તો આ મોબાઇલ નંબર ઉપર વોટસએપ ઉપર ફોટા પાડીને મોકલજો તેમ યુવકને વાત કરેલ હતી.તે પછી યુવકે તેની પાસે એક રૂપીયાની નોટ હતી તે કાઢી વોટસઅપ મોબાઇલ ઉપર એક રુપીયાની જુની નોટ ફોટો પાડી મોકલી દીધેલ ત્યારબાદ તેઓએ યુવકને તરતજ ફોન કરી કહેલ કે, તમારા પૈસા મોકલવા માટે ચાર્જ લાગશે તે પહેલા તમારે ૯૧૫૦/- મોકલવા પડશે જેથી તેઓએ યુવકને એક ∞ કોડ ગૂગલ-પે સ્કેનર મોકલેલ અને બીજો એક ભારતીય રિઝર્વ બેંકનું એક પ્રમાણપત્ર મોકલેલ હતુ.જોકે યુવક પાસે સુગર શેરડી કાપણીના રૂપિયા વીસ હજાર હતા.પરંતુ યુવક પાસે ગુગલ-પે કે ફોન-પે ન હોય જેથી યુવકે રૂપિયા મોકલેલા નહિ, ત્યાર બાદ તારીખ ૨૦ /૦૪/૨૦૨૫નાં રોજ અજાણ્યા મોબાઇલ નંબર ઉપરથી ફોન આવેલ અને કહેલ કે, તમારા વોટસઅપ ઉપર બીજો મોબાઈલ નંબર ઉપરથી સ્કેનર મોકલવામાં આવશે તેમા રૂપિયા મોકલવાના છે. ત્યાર બાદ યુવકના વોટસઅપ ઉપર એક સ્કેનર મોકલેલ તેના પરથી ફોન આવેલ જેમાં બીજો કોઈ માણસ બોલતો હતો તેણે યુવકને રૂપીયા ૯૧૫૦/- મોકલવા જણાવેલ ત્યાર બાદ જ પાંચ લાખ મળશે તેમ જણાવ્યું હતું.જેથી યુવકે બીજાના મોબાઈલમાંથી રૂપીયા ૯૧૫૦/- ટ્રાન્સફર કરાવ્યાં હતા.જોકે ત્યારબાદ પણ યેન કેન પ્રકારે કોઈને કોઈ બહાને આ અજાણ્યા નંબર પરથી કોલ આવતા હતા અને નાણાની માંગણી કરતા હતા.જેથી યુવકે ટુકડે ટુકડે કુલ ૩૭,૫૦૦/- રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર કર્યા હતા.ત્યારબાદ પણ આ અજાણ્યા ઈસમો દ્વારા નાણાને માંગણી કરવામાં આવી રહી હતી જોકે ત્યારે આ યુવકને જણાયુ હતુ કે તેની સાથે સાઈબર થયેલ છે.જેથી યુવકે સાયબર ક્રાઈમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર કોલ કરીને પોતાની ફરિયાદ નોંધાવી હતી અને ત્યારબાદ સુબીર પોલીસ મથકે આ અંગેનો ગુન્હો નોંધવ્યો હતો.સુબીર પોલીસે આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સાદકપોરમાં દિપડી પાંજરે પુરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૦૧ :** ચીખલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડા દીપડીનો આતંક વધી જતા ગ્રામ્ય વિસ્તારના રહીશોમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો છે ત્યારે આજરોજ સાદકપોર ગામેથી એક કદાવર દીપડી પાંજરે પુરાતા લોકોએ રાહત અનુભવી છે.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના સાદકપોર ગામના બામણીયા ફળિયા ખાતે આવેલ અલ્પેશભાઈ મગનભાઈ પટેલની વાડીમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડા- દીપડી જોવા મળતા જે બનાવ અંગેની જાણ ચીખલી વન વિભાગના અધિકારીને કરાતા વન વિભાગ દ્વારા દીપડા દીપડીને પકડવા માટે એક પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં આજરોજ એક કદાવર દીપડી આશરે ત્રણ વર્ષની પાંજરે પુરાવા પામી હતી જોકે આ દીપડી નો કબજો વન વિભાગે લઈ જેનું વેટનરી ડોક્ટર પાસે તપાસ કરાવી ફરીથી જંગલ વિસ્તારમાં છોડવામાં આવશે જોકે દિપડી જ્યારે પાંજરે પુરાય ત્યારે હજુ પણ એક દિપડો પાંજરાની આજુબાજુ ફરતો લોકોએ જોયો હતો જો કે ટોળું ભેગું થઈ જતા આ દિપડો શેરડીના ખેતરમાં ભરાઈ ગયો હતો જોકે ફરીથી આ વિસ્તારમાં એક પાંજરું ગોઠવવામાં આવ્યું છે.

## રાનકુવામાં શિક્ષિકા, નિવૃત્ત શિક્ષક મોત પ્રકરણમાં ખુલાસો

### પીએમ રિપોર્ટમાં બહાર આવ્યું કે નિવૃત્ત શિક્ષકે વિધવા શિક્ષિકાનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી હતી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૦૧ :** ચીખલી તાલુકાના રાનકુવા ગામે ત્રણ દિવસ અગાઉ વિધવા શિક્ષિકા અને નિવૃત્ત શિક્ષકની ભેદી સંજોગોમાં લાશ મળી આવતા આ બંનેના પીએમ કરાવતા પીએમ રિપોર્ટમાં વિધવા શિક્ષિકાને ગળું દબાતા મોત થયું હોવાનું બહાર આવ્યું છે ત્યારે ચીખલી પોલિસે મરનાર નિવૃત્ત શિક્ષક સામે મર્ડરનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના રાનકુવા ગામના શિવદર્શન સોસાયટીમાં રહેતી વિધવા શિક્ષિકા લતાબેન દીપકભાઈ પટેલ ઉ.વ. ૪૫ તથા છોટુભાઈ રણછોડભાઈ પટેલ ઉ.વ.૬૩ રહે. પ્રતાપ નગર મોટા ફળિયા તા. વાંસદા આ બંને મૃત હાલતમાં તા. ૨૮. ૪.૨૫ ના રોજ ઘરમાંથી મળી આવ્યા હતાં જેનું મોતનું કારણ જાણવા માટે ચીખલી પોલીસે ગુનો નોંધી ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં પેનલ ડોક્ટરો પાસે પીએમ કરાવ્યું હતું. જેનો પ્રાથમિક રિપોર્ટ આવતા જેમાં લતાબેન દીપકભાઈ પટેલ નું ગળું દબાવાથી મોત થયું હોવાનું બહાર આવ્યું છે ત્યારે લતાબેન પટેલનું ગળું દબાવનાર છોટુભાઈ રમણભાઈ પટેલ જેણે વિધવા શિક્ષિકા લતાબેન પટેલનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દઈ પોતે ગળે ફાંસો ખાઈ લીધો હતો અને તેનું પણ મોત થયું હતું ત્યારે પોલીસે મારનાર છોટુભાઈ રણછોડભાઈ પટેલને પીએમ રિપોર્ટના આધારે મર્ડરનો આરોપી બતાવવામાં આવ્યો છે. જે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ એચ.એસ. પટેલ કરી રહ્યા છે.

## બીલીમોરામાં પાલિકાની પ્રિ-મોન્સુન કામગીરી શરૂ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૦૧ :** બીલીમોરા નગરપાલિકાએ ચોમાસા અગાઉ વૈશાખ મહિનાના પ્રારંભે પ્રિમોન્સુન કામગીરી હાથ ધરી છે. નગરજનોની સ્વાસ્થ્ય સલામતી માટે મચ્છરોનો ઉપદ્રવ ટાળવા, વરસાદી પાણીના સુચારુ નિકાલ માટે કુદરતી કાંસની સફાઈ હાથ ધરી છે. તેમજ જીવન આવશ્યક પાણી, વીજળી, જેવા પુરવઠા ન ખોટકાઈ તે માટે પાણી પેહલા પાળ બાંધવી શરૂ કરી છે. વરસાદી પાણી નિકાલ યોજના સફાઈ, ગટર સફાઈ, કુદરતી કાંસ તેમજ બિનજરૂરી પાણીનો ભરાવો ટાળવા કામગીરી હાથ ધરી છે. જેમાં બીલીમોરા પાલિકા એ લાલ વાવટાની ગલીમાં પસાર થતો કુદરતી કાંસ, ઓરીયા મોરા, ઓક્સીડેશન પોન્ડ સહિત ઠેર ઠેર જેસીબી મશીનો અને કામદારો ની ફોજ ઉતારી છે. ચોમાસામાં ગંદકી મચ્છરો નો ઉપદ્રવ નાથવા પ્રિ-પ્લાન કામગીરી આગળ ધપી રહી છે. બીજી તરફ દક્ષિણ ગુજરાત વીજ કંપની એ પણ વીજ લાઈન ને નડતરરૂપ વૃક્ષ ડાળની છટણી શરૂ કરી છે.

## પલસાણા અંધશ્રધ્ધા પ્રકરણનાં આરોપી મહિલાના જામીન નામંજુર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૧ :** પારડી તાલુકાના પલસાણામાં માતાજી આવતી હોવાની અંધશ્રદ્ધા રાખી શરીર ઉપર સળગતા દીવા મુકવાને કારણે થયેલી ઈજાથી મૃત્યુ પામેલી યુવતીના મોત પકરણમાં આરોપી મોટી બહેનની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કરાયો છે.

પારડી તાલુકા ના પલસાણા ગામે અંધશ્રદ્ધાના કારણે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. જેમાંના શરીરમાં મેલડી માતાજી આવી હોવાનું તથા તેને માતાજીની પ્રસાદી હોવાનો દાવો કરી આરોપીઓએ મૃતક દિવ્યાબેનના શરીરના વિવિધ ભાગો પર તેલવાળી રૂની જ્યોત મૂકી હતી. આ દરમિયાન તેના કપાળ, ગળા, પેટ, હાથની હથેળી અને પગના પંજા પર ગંભીર દાઝી ગઈ હતી. સમયસર યોગ્ય સારવાર ન મળવાથી તાવ અને ખેંચ આવતા દિવ્યાબેનનું મૃત્યુ થયું હતું. આ કૃત્યમાં દિવ્યા બહેનનું મૃત્યુ થયું હતું. જે પ્રકરણમાં પારડી પોલીસે ગામજનો ની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી મુખ્ય આરોપી અને મૃતકની મોટી બહેન પ્રિયંકાબેન જીગ્નેશભાઈ નાયક, અર્જુનભાઈ સુખાભાઈ હળપતિ, ઈર્ષિતાબેન અર્જુનભાઈ હળપતિ, જીગ્નેશભાઈ વસંતભાઈ નાયકાની ઘર પકડ કરવામાં આવી હતી. જે અંગે પોલીસે તપાસ કરી તમામ આરોપીને સબ જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા જે અંગે મૃતકની મોટી બહેન પ્રિયંકાબેન જીગ્નેશભાઈ નાયકા દ્વારા વાપી એડિશનલ સેશન્સ જજ ટી.વી. આહુજાની કોર્ટમાં જામીન મેળવવા માટેની અરજી કરવામાં આવી હતી. જેને વાપી એડિશનલ સેશન કોર્ટના જજ ટીવી આહુજાની કોર્ટમાં કરવામાં આવી હતી. જે અંગે સરકારી વકીલ અનિલભાઈ ત્રિપાઠીના ધારદાર રજૂઆત અને પુરાવાને ધ્યાને લઈ જામીન અરજી કરનાર પ્રિયંકાબેન નાયકની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કરાયો છે.

## વાપીમાં યુવક સમજી વૃધ્ધાની પથ્થર ઝીંકી હત્યાના આરોપીને આજીવન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૧ :** વાપીના ભડકમોરા વિસ્તારમાં રાત્રિ દરમિયાન એક યુવાનને જાનથી મારી નાંખવા માટે ભૂલથી માથેથી ચાદર ઓઢીને સુતેલી વૃદ્ધ મહિલાને મોટો પથ્થર મારી જાનથી મારી નાંખવાના ગુનામાં ઝડપાયેલા આરોપીને વાપીની ત્રીજી એડીશનલ સેશન કોર્ટે આરોપીને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગત વર્ષે ૯ એપ્રિલની મધરાતે વાપી ભડકમોરા વિસ્તારમાં ૫૫ વર્ષીય સુંદરબાઈ રઘુનાથ સોલંકે ઘરની બહાર ચાદર માથેથી ઓડી સુતી હતી. તે દરમિયાન તેને મોટા પથ્થરો માથા પર મારીને તેની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં સતિષ સોલંકેએ વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૦૨ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. આથી પીઆઇ વી.જી. ભરવાડે કેસની તપાસ હાથ ધરી હતી. તેમણે ઘટના સ્થળનું પંચનામું કર્યું અને સાક્ષીઓના નિવેદનો લીધા. તપાસમાં આરોપી તરીકે પોપટ ઉર્ફે શીવા પવારની ધરપકડ કરવામાં આવી. જેમાં કોર્ટમાં સરકારી વકીલ રાકેશ ચાંપાનેરીએ ધારદાર અને પુરાવાઓ સાથે ની દલીલો રજૂ કરી હતી. કોર્ટે આરોપીને કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવ્યો. અને આજીવન મૃત્યુ પામે ત્યાં સુધીની સજા ફટકારી છે સાથે મૃતકના પરિવારને વળતર આપવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે.

## વાપીમાં પરીક્ષા આપવા આવેલી યુવતિ ગુમ

**વાપી, તા. ૦૧ :** વાપી જીઆઈડીસીના છરવાડા રોડ ઉપર આવેલ રોફેલ કોલેજમાં તા.૨૩-૪-૨૦૨૫ના રોજ પરીક્ષા આપવા માટે આવેલ વૈશ્વિ યોગેશ નરેશભાઈ કાપસે ઉ.વ. ૧૯ ધંધો. અભ્યાસ રહે-રોહિત ફળીયું જલારામ સોમિલની બાજુમાં ખતલવાડા તા.૨૩/૦૪/૨૦૨૫ કલાક ૧૩/૩૦ વાગ્યા દરમ્યાન રોફેલ કોલેજ છરવાડા રોડ રોટ્રીસર્કલની બાજુમાં જીઆઈડીસી વાપીમાં પરીક્ષા આપવા રોફેલ કોલેજ ખાતે આવેલ ત્યાથી ક્યાંક ચાલી જઇ ગુમ થયેલ છે જે શરીરે મધ્યમ બાંધાની, રંગે ઘઉં વર્ણની, ઉંચાઈ આશરે પાચ ફૂટ જેટલી છે તેણે શરીરે પીંક કલરનુ કુર્તો તથા લાલ કલરનુ લેગીશ પહરેલ છે. પગમાં ચંપલ પહેરેલ છે. જે વાપી રોફેલ કોલેજમાં બી.બી.એ. નો અભ્યાસ કરે છે જે ગુજરાતી તથા હિન્દી તથા અંગેજી ભાષા જાણે છે જેની શોધખોળ કરતા-કરાવતા મળી આવેલ ન હોય જેથી ગુમ થનારના પિતા યોગેશ નરેશભાઇ કાપસે નાઓએ વાપી ઉધોગનગર પોલીસ સ્ટેશન ગુમ થયાની ફરિયાદ કરવામાં આવી છે.

દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

જોઈએ છે

દમણગંગા ટાઇમ્સની વાપી ઓફિસમાં પાર્ટ-ટાઈમ, ફુલટાઈમ કામ કરી શકે એવા કોમ્પ્યુટર ઓપરેટર જોઇએ છે.

લાયકાતઃ ગુજરાતી ટાઈપીંગ અને પેજમેકર સોફ્ટવેરના અનુભવી/ કોલર ડ્રો, ન્યૂઝ પેપરમાં અનુભવને પ્રાથમિકતા

રસ ધરાવનાર યુવકો તેમજ યુવતીઓ સંપર્ક કરો

સંપર્ક : ૯૮૨૫૯ ૯૦૭૭૦/૯૮૨૫૧ ૨૨૫૦૫

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**